2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

પાના ૨૦

વર્ષ - ૧ ● અંક -૪૦૬ ● સળંગ અંક - ૪૦૬ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

છસરાના ઈલા જગ્નેશ શેઠીયા ઉ.વ. ૪૦ હાર્ટ એટેકથી અવસાન પામેલ છે. ઉંમરબાઈ હંસરાજના પૌત્રવધુ. કુસુમ ઉત્તમચંદના પુત્રવધુ. બેરાજા ફોરમ રાજુના ભાભી. જયના મામી. સાકરબેન દામજી, જેઠીબેન કાનજી, કાંતાબેન ચુનીલાલ, ભાનુ જેઠાલાલ, વિમળા વશનજી, જ્યોતિ જયંતીલાલ, છસરા લીલબાઈ નાનજી, પત્રી કુંવરબાઈ ભાણજી, રાણબાઈ રામજી, ગુંદાલા હીરબાઈ મગનલાલ, મોખા લક્ષ્મીબેન દેવજી, વાંકી મંજુલા મુલચંદ, મો. ખાખર દમયંતી હરખચંદ, નાંગલપુર રમીલા જગદીશના ભત્રીજા વહુ. મુન્દ્રા મઠાબાઈ ગોપાલજી દોહીત્ર વહુ. ભાનુમતી પ્રવિણ, ચંદ્રીકા કિશોર, પત્રી ગુણવંતી શાંતીલાલના ભાણેજ વહુ.સુજાપુર હંસાબેન અરવિંદ કુંવરજી લોડાયાના પુત્રી. સમીરના બેન. નેહાના નણંદ. દલતુંગી (જામ.) પાનબાઈ ધનજીના દોહીત્રી. ભારતી નવિન, દમયંતી દેવચંદ ધરમશી, વિજયા સુરેશ દંડના ભાણેજી. માનબાઈ મુલજી, જયા લક્ષ્મી મણીલાલ, ઈંદુ નવિન, નિર્મલા મેઘરાજના ભત્રીજી. આરો, સારો, આરોહીના ફોઈ. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. ઉત્તમચંદ શેઠીયા, ઈ-૬૦૪, નવનીતનગર, દેસલેપાડા, ડોંબીવલી (ઈ.) ૪૨૧૨૦૧. ફોન આવકાર્ય. મો. ૯૮૩૩૬૬૭૭૨૪, ૯૩૨૧૪૬૨૨૬૪.

4/1/1 -------- (1-5)

કપાયાના અ.સૌ. શૈલાબેન દિનેશ સંગોઈ (ઉ.વ. ૪૯) બુધવાર, તા. ૩૧-૭-૨૦૧૯ના ટુંકી માંદગીથી નાલાસોપારા મધ્યે અવસાન પામ્યા છે. માતુશ્રી દેવકાબેન પત્રામલ રણમલના પૌત્રવધુ. માતુશ્રી સાકરબેન કેશવજી પત્રામલના પુત્રવધુ. દિનેશના ધર્મપત્ની. અક્ષતાના માતુશ્રી. છસરાના મંથનના સાસુ. ફેયાના નાની. ચંદ્રકાંતના ભાઈના ઘરેથી. હસ્મિના દેરાણી. ડોણના તારાબેન કિશોર, ત્રગડીના કુસુમબેન મહેન્દ્રના ભાભી. કપાયાના ઝવેરબેન દામજી, મોંઘીબેન કુંવરજી, વિમલાબેન મોરારજી, રતનબેન રતનશી, રતાડીયા (ગણેશ)ના પુરબાઈ નરશી, દેશલપુરના લક્ષ્મીબેન શામજીના ભત્રીજા વહુ. વિશાલ, કલ્પેશના કાકી. સેજલ, જીનલના કાકી સાસુ. હીતેશ, રાજેશ, હીના, અનીષ, જીગ્ના, પિયુષના મામી. હીરેન, મોહીની, નીકીતા, એક્તા, પૂજા, કપીલના મામી સાસુ. કપાયાના તલકશી મેઘજી, સંસાર પક્ષે પ.પૂ. અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના ભાણેજ વહુ. છસરાના કોકીલાબેન સુભાષ ગાલાના વેવાણ. **પ્રાર્થના સભા રાખેલ નથી.** નિવાસ : દિનેશ કેશવજી સંગોઈ, સી/૧૦૪, છેડા એપાર્ટમેન્ટ, એક્સીસ બેંક સામે, નાલાસોપારા (વેસ્ટ) ૪૦૧૨૦૩. દિનેશ : મો. ૯૫૯૪૦૫૩૭૮૮, અક્ષતા : મો. ૭૩૫૦૫૦૭૪૭૭.

4/1/1 -------- (1-5)

દુર્ગાપુર (નવાવાસ)ના માતુશ્રી મોંઘીબેન સાવલા (ઉ.વ. ૮૯) મુંબઈમાં ૧/૮/૧૯ના અવસાન પામેલ છે. મા. પુરબાઈ આસુના પુત્રવધુ. વેલજી આસુના પત્ની. સ્વ. તલકચંદ, સ્વ. ચંદ્રકાંત, હેમચંદ, લક્ષ્મી (સુશીલા), અરૂણા, નયના, જ્યોત્સનાના માતુશ્રી. પુષ્પા, સ્વ. જયા/ મંજુલા, કોડાય શશીકાંત વીરજી, મેરાઉ ધીરજ મગનલાલ, કોડાય પ્રફુલ દામજી, રાયણ હર્ષદ લક્ષ્મીચંદના સાસુ. નીલેશ, દીપેશ, કિરણા, શિલ્પા, રક્ષા, વર્ષા, દીક્ષાના દાદી. ઈલા, કવિતા, તુષાર ખુશાલચંદ, રાયણ કૌશિક પીપીન, દુર્ગાપુર અશ્વિન વસંતલાલ, ભરત રવજીના દાદી સાસુ. પંકજ, દીપેન, રાહુલ, કલ્પેશ, હિરેન, રેખા પિયુષ, બિજલ પ્રિતેશ, દર્શના યોગેશ, શ્રદ્ધા બ્રિજેશ, શ્રુતિ શૈલેશ, જીજ્ઞાશા અંકિતના નાની. સંગીતા, જેસલ, ભાવિની, મેહુલા, અંકિતાના નાની સાસુ. નાનજી, કલ્યાણજીના ભાભી. દેવકાંબેન, સાકરબેનના જેઠાણી. કોડાયના ભમીબેન માલશીના પુત્રી. નરશી, સ્વ. વસનજી, સ્વ. વલ્લભજી, સ્વ. કંકુબેન, સ્વ. હીરબાઈના બેન. સાકરબેન, હેમલતાબેન, દયાવંતીના નણંદ. રાયણના ખીમજી શામજી, નવાવાસના રણશી નેણશીના સાળી. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. નિલેશ સાવલા, બી-૩૪, ગાલા નગર, નાહુર રોડ, મુલુંડ (વે.), મું. ૮૦. મો.: ૯૮૨૦૦૯૮૦૩૧

2/1/1 -------- (1-5)

॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥
સુ-મતિ ગ્રુપ-મુલુંડ (ઈ.) ૯૮૨૦૦૫૨૯૩૬

પર્યુષણ પર્વ + દીવાળીની ઉજવણી
બાડા નગરે

શ્રી ચંદ્રપ્રભસ્વામી દાદા અને શ્રી મુનીસુવ્રતસ્વામી દાદાની અસીમ કૃપાએ અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંતો તેમજ સાધુ ભગવંતો, સાધ્વી ભગવંતોના આશિર્વાદ સાથે ચાતુર્માસ બિરાજમાન પ.પૂ. વીરાગુણાશ્રીજી મ.સા. પ.પૂ. ગૌત્તમ ગુણાશ્રીજી મ.સા. આદી ઠાણાઓની નિશ્રામાં પર્વની ઉજવણી સાથે ગુરૂ ભગવંતો ધર્મનું શ્રવણ કરાવી રહ્યા છે.

● પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી ૨૭/૮/૧૯ થી ૩/૯/૧૯ સુધી ઉજવવામાં આવશે (તા. ૨૬/૮/૧૯થી ૭/૯/૧૯) સ્થાનિકે આખા દિવસની સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ છે. દિવાળી પર્વની ઉજવણી તા. ૨૫/૧૦/૧૯થી ૨૯/૧૦/૧૯ (૫ દિવસ) વ્યાખ્યાન + દેશી ઢાળમાં દરરોજ પૂજાઓ ભણાવવામાં આવશે. (સંગીતકાર-પ્રવીણભાઈ ગૌર-ભુજવાળા પધારશે) આ (૫) દિવસ આખા દિવસની સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ છે.

● બાડા નગરે મેઘરાજાની ખૂબ જ સુંદર આગમન થયેલ છે. સૌ પરિવારોને વિનંતી આ સપરિવાર માદરે વતન પધારવા વિનંતી. તા.ક. દિવાળી પર્વ બાદ પૂ. ગુરૂભગવંતોના જાહેર વ્યાખ્યાન 'જીવનને સમજો' જરૂરથી લાભ લેવા વિનંતી. લી. મંત્રીઓ.

2/1/1(71) -------- (A-10816)(1-5)

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨.

સંપર્ક : ૨૩૭૨૧૦૮૪ /૨૩૭૩૪૫૭૮, સમય : ૧૧ થી ૫

સંચાલિત

લોનાવલા આરોગ્યધામ

મહાજનશ્રી સંચાલિત શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી (સહયોગી દાતાશ્રી લાલજી વેલજી એંકરવાલા) આરોગ્યધામ અને માતુશ્રી ઉમરબાઇ લાલજી વેલજી એંકરવાલા આરોગ્યધામ લોનાવલાના બ્લોક/ બંગલાની સપ્ટેમ્બર માસના વપરાશ માટે આવેલ અરજીઓના સર્વે અરજદારોને બ્લોક/ બંગલા ફાળવવામાં આવેલ છે જેની નોંધ લેવા વિનંતી. ફાળવેલ બ્લોક / બંગલાની રજાચીઠ્ઠી કુરીયર મારફતે મોકલવામાં આવશે.

નોંધ : સપ્ટેમ્બર માસમાં બ્લોક / બંગલા વપરાશ માટે ઉપલબ્ધ છે વહેલો તે પહેલોના ધોરણે નોંધી આપવામાં આવશે. વધુ માહિતી માટે મહાજનશ્રીના કાર્યાલયમાં સંપર્ક કરવો.

લિ.માનદ્ મંત્રીઓ

CA કેતન દામજી સૈયા, અનિલ ગોવિંદજી ગંગર, CA વિજ્ઞેશ શીવજી ભેદા

શ્રી નાલાસોપારા આ.કો.ના.પ. સ્થા. જૈન સંઘ
જૈન ફીલોસોફી એડવાન્સ કોર્ષ

રવિવાર, તા. ૪/૮/૨૦૧૯

● સમય : સવારના ૯.૧૫ થી ૧૧.૧૫

● વિષય : કર્મ પ્રકૃતિ

● વક્તા : ચંદ્રેશ વીસરીયા (કુંદરોડી)

● આપણે દીવસ દરમ્યાન કર્મની જાળમાં કેવી રીતે ફસાઈએ છીએ.કર્મ કેવી રીતે બંધાય છે. કર્મના કેવા ફળ ભોગવવા પડે છે. એ જાણવા અને રવિવારને સફળ બનાવવા આરાધનામાં ભાગ લેવા વિનંતી. લી.ના.ઓ.ડો.ના.પ.સ્થા. જૈન સંઘ પત્રિકા સૌજન્ય વીરા ફાઉન્ડેશન.

2/1/1(78) -------- (A-10832)(1-5)

અનશનવ્રતની અનુમોદના

ગામ રામાણીયાના માતુશ્રી વેલબાઈ નરશી ભારમલ રાંભીયાના દોહીત્રી અને અમારી ભાણેજી તે કારાધોધાના જેઠાલાલ ડુંગરશી શેઠીયાના ધર્મપત્નિ ભાનુબેન, દેહ ક્ષણભંગુર છે. એમ સમજી પોતાના આત્માના પરમ કલ્યાણ અર્થે ઉગ્ર તપસ્યા આદરી, મોહમાયાને વિસારી, પરમ કલ્યાણ અર્થે અનશનવ્રત આદરેલ છે. શનિવારે ૧૧મો ઉપવાસ છે. તપસ્યાની ભુરી ભુરી અનુમોદના કરનાર રામાણીયાનાં મામા-મામી માતુશ્રી મણીબેન માવજી નરશી રાંભીયા સમસ્ત પરિવાર.

2/1/1(53) -------- (A-10796)(1-5)

મોટા આસંબીયા-ખાર મરણ નોંધમાં સુધારો

તા. ૨ ઓગષ્ટ, શુક્રવારના વિમળાબેન મોરારજી ગાલાના મરણ નોંધમાં પુત્રો હેતન મોરારજી ગાલા, અમિત મોરારજી ગાલા નામ રહી ગયેલ તે ઉમેરીને વાંચવા. ભુલ માટે ક્ષમાયાચના. લિ. પરીવારજનો.

4/1/1(76) -------- (A-10830)(1-5)

શ્રી કલીકુંડ તીર્થાય નમઃ સાંતાક્રુઝ (પૂર્વ)
સમૂહ સામાયિક - ૫ મો મણકો

અચલગચ્છાધિપતિ, રાષ્ટ્રસંત, પ.પૂ.આ.ભ. શ્રીગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ની દિક્ષા તિથિ નિમિત્તે આયોજિત સમૂહ સામાયિકનો ૫મો મણકો રવિવાર, તા. ૪-૮-૧૯ના ૯.૩૦ થી ૧૦.૩૦ રાખવામાં આવેલ છે. લાભાર્થી : માતુશ્રી મણીબેન કાનજી હરીયા-શેરડીવાલા તરફથી રાખેલ છે. આ પ્રસંગે શ્રી પારસભાઈ પંડિત 'આશય શુધ્ધિથી આતમ પાવન કરીએ' એ અંગે વિવેચન કરશે. લાભ લેવા વિનંતી. લિ. શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જૈન મંદિર.

4/1/1(66) -------- (A-10824)(1-5)

નેત્રદાન - ત્વચાદાન

શ્રી ક.વિ.ઓ. સ્થા જૈન મહાજન પ્રેરીત, તરૂણ મિત્ર મંડળ સંચાલિત, યુવરાજ નેત્રદાન અભિયાન અંતર્ગત, મૃત્યુ બાદ નેત્રદાન અને ત્વચાદાન માટે સંપર્ક : ૯૩૨૧૨૧૧૯૧૯. જા.સૌ. માતુશ્રી રતનબેન મણીલાલ નાનજી છેડા (કાંડાગરા-દાદર)

1/1/1(6) -------- (A-10583)(1-5)

શ્રી ભોરારા સ્થા. છ કોટી જૈન સંઘ
ચાલો પર્વ – તો માદરે વતનમાં માણીએ

સ્થાનીકે પૂ. આશાબાઈ મ.સ. પૂ. અશ્વીનાબાઈ મ.સ. આદિ ઠાણા-૨ સુખ શાતામાં બીરાજમાન છે. એમના સાનિધ્યમાં પર્યુષણ મહાપર્વ ઉજવવા શ્રી સંઘરૂપે ભોરારા જવા જેમણે પણ નામો લખાવેલ એ સર્વેની ટિકીટો તા. ૨૪-૮ની સયાજી ગાડીની ટિકીટો આવી ગયેલ છે. 'બહોત પસારા મત કર, કર થોડેકી આશ, બહોત પસારા જીસને કીયા, વોભી ગયે નિરાશ વોભી ગયે ખાલી હાથ. માટે શાનમાં સમજીને બહુ જ મોંઘેરો – મનુષ્ય ભવ જે ૧ મિનીટમાં એક અબજ જીવ જન્મે, તેમાંથી ફક્ત એક જ જીવને જૈન ધર્મ સાંપડે ચાતુર્માસમાં માદરે વતન પધારી તપ કરો-કર્મોની નિજરાથાશે. જપ અને જાપમાં જોડાઈ જાવ પૂ. સંત સતીજીઓની વૈયાવચ્છ કરો. સુંદર-સેનેટોરીયમ અને ભવ્ય ભોજનશાળાની સારી સગવડો અજરામર ધામમાં- ઉપલબ્ધ છે.લી. ટ્રસ્ટીઓ.

2/1/1(31) -------- (A-10677)(2-1)

દાદર કચ્છી જૈન સંઘમાં ટર્નીંગ પોઈંટ
સેશન રવિવારે સાંભળવા સૌ પધારો

પશ્ચિમી વિકૃતિ સામે સંસ્કૃતિનો શંખનાદ કરનાર, ચણતર વિનાના ભણતર સામે જીવન ઘડતરનો ઘંટનાદ કરનાર, જમાનાવાદની સામે જિનશાસનનો જયનાદ કરનાર કુલ ફેમીલી માટે લાઈફ ટર્નીંગ પોઈંટ સેશન T.P.S. દાદર સંઘમાં પ્રવર્તિની પૂ. અરૂણોદયશ્રીજી મ.સા. પૂ. હિરણ્યગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં દર રવિવારે શરૂ થઈ ગયેલ છે... હૈયાને હલાવી દે આંખોને ભીંજવી દે જીવનમાં કંઈક સારો ટર્નીંગ પોઈંટ લાવવાનો નિર્ધાર કરાવી દે એવા આ સેશનમાં યુવા પેઢી હોંશે હોંશે આવીને ત્રણ ત્રણ કલાક સુધી ગુરુભગવંતોને પ્રેમથી સાંભળી રહી છે. આ રવિવારે તા. ૪ ઓગષ્ટના T.P.S. નો ટોપીક છે "My New ABCD" કંઈક નવું.. ફેન્ટાસ્ટીક, ફેવરીટ અને ફાઈનની આજુબાજુ ફેરા ફરી રહેલ આજની યુવાપેઢીને ચેન્જ સાથે આત્માની, જીવનની, ધર્મની સાચી રેન્જ સમજાવવા માટે આ રવિવારના સેશનમાં કુલ ફેમીલી સાથે દાદર કચ્છી જૈન સંઘ –મહાવીર હોલમાં પધારવા સૌને આમંત્રણ સેશનમાં એન્ટ્રી પાસ સંઘની ઓફિસેથી મેળવી લેવા... સેશન સવારના ૯.૩૦ થી ૧૨.૦૦ રહેશે. પૂર્ણાહૂતિ બાદ સાધર્મિક ભક્તિ રહેશે. લી. શ્રી દાદર કચ્છી જૈન સંઘ (પૂર્વ) ૨૪૧૧૦૮૯૦

2/1/1(29) -------- (A-10715)(2-2)

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ-ભાંડુપ

અચલગચ્છાધિપતિશ્રી આજ્ઞાવર્તિ પ.પૂ. સાધ્વી શ્રી વિરાગ ગુણાશ્રી મા.સા. ભાંડુપ સંઘમાં તા. ૪.૮.૧૯ સવારના ૫.૩૦ કલાકેથી તા. ૮-૮-૧૯ સાંજના ૫.૩૦ કલાક સુધી સળંગ ૧૦૮ કલાક અખંડ નવકાર જાપ આરાધના કરાવી રહ્યા છે. આપશ્રીને અનુકુળતા મુજબ ફક્ત ૧ કલાક દરરોજ આરાધનામાં જોડાવવાનો છે. બહારગામથી આવતા ગુરૂ ભક્તો તથા આરાધકો જોડાઈ શકે છે. અહી સંઘમાં વ્યવસ્થા કરવામાં આવશે. જાપની પ્રભાવનાના લાભાર્થી પરિવાર કલ્પનાબેન સોમચંદ લોડાયા આરીખાણા હ. ખુશીના જન્મદિવસે નિમિત્તે અનુમોદના... શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ.

2/1/1(5) -------- (A-10773)(2-3)

શ્રી કચ્છી વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

ચાતુર્માસ નિશ્રા

તપચક્ર ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની ચાતુર્માસિ નિશ્રા યોગનિષ્ઠા, પરમવિદુષી પ.પૂ. સાધ્વી ગુણોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા વર્ધમાન તપના ઓળીના આરાધક પ.પૂ. સાધ્વી અભયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પની શુભનિશ્રામાં ચાતુર્માસિક દૈનિક આરાધનાઓ સુંદર ચાલી રહી છે.

વ્યાખ્યાન

દરરોજ સવારના ૮.૪૫ થી ૧૦.૦૦ કલાકે
સુંદર જિનવાણીનું પાન પૂજ્યશ્રી કરાવી રહ્યા છે.

તપ-જપ

- પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી અશોકવૃક્ષ તપ તથા સ્વર્ગ કરંડક તપ, સાંકળી અટ્ઠમ, વર્ધમાન તપના પાયામાં તપસ્વીઓ શાતા પૂર્વક તપમાં આગળ વધી રહ્યા છે.
- તા. ૦૨.૦૮.૨૦૧૯ થી ૦૬.૦૮.૨૦૧૯ શ્રાવણ સુદ-૨ થી શ્રાવણ સુદ- ૬ સુધી પાંચ દિવસ સવારના ૬.૦૦ કલાક થી સાંજના ૧૦ કલાક સુધી શ્રી નવકાર મહામંત્રના ભાષ્ય જાપ ચાલુ થશે.

સ્વાધ્યાય...સ્વાધ્યાય...સ્વાધ્યાય...

શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વે.મૂ.પૂ. સંઘમાં લઘુ સંઘયણી તથા કેવલનાણીના અર્થ ઓલટર ડે ચાલુ છે ટાઈમ –વ્યાખ્યાન બાદ ૧૦ કલાકે જીવવિચાર પાઠ – (અર્થ) દર બુધ-શુકવારના નવતત્વના પાઠ દર રવિવારે-બપોરના ૩.૦૦ કલાકે શરૂ થશે. સર્વે ભાઈ બહેનોને પાઠમાં પધારવા સપ્રેમ આમંત્રણ છે.

શ્રી નેમિનાથ પ્રભુના જન્મ દીક્ષા કલ્યાણક

શ્રી નેમિનાથ પ્રભુના જન્મ દીક્ષા કલ્યાણકના ઉપલક્ષમાં શ્રાવણ સુદ-૫ સોમવાર, તા. ૦૫.૦૮.૨૦૧૯ તથા શ્રાવણ સુદ-૬ મંગળવાર તા. ૦૬.૦૮.૨૦૧૯

- તા. ૦૫.૦૮.૨૦૧૯ સોમવારના વર્ધમાન શકસ્તવના અભિષેક સવારના ૬.૦૦ કલાકે શ્રી જીરાવલ્લા દરબારમાં શરૂ થશે.

નોંધ : શ્રાવણ સુદ-૫ સવારના પ્રથમ પક્ષાલ (અભિષેક)ના ચડાવા રવિવારે તા. ૦૪.૦૮.૨૦૧૯ સવારે જાહેર વ્યાખ્યાન દરમ્યાન લેવાશે. શ્રી સકળ સંઘને લાભ લેવા વિનંતી.

નવકાર જાપ

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ તીર્થે શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં શ્રી જયંત રાહીના શિષ્ય શ્રી જીગ્નેશ જગદીશ નાગડા સહ સાથી આરાધકો સાથે નવકાર જાપ (૨૪૦મો મણકો) આ રવિવારે તા. ૦૪.૦૮.૨૦૧૯, સવારે ૦૭.૦૦ કલાકે

રવિવાર, તા. ૦૪.૦૮.૨૦૧૯ જાહેર વ્યાખ્યાન
હાર્ટ સર્જરી (પાર્ટ ૨) સવારે ૦૯.૩૦ કલાકે

VENUE :
Shri K.V.O. Derawasi Jain Mahajan,
Shri Ghatkopar Kutchi Jain Swetamber Murtipujak Sangh,
Shri Jiravalla Parashwanath
Jiravalla Parashwanath Chowk, Derasar Lane,
Ghatkopar (E), Mumbai-400077.

(❖)

લિ. માનદ્ મંત્રીઓ

શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન સંઘ અંબરનાથ

અંબરનાથ નગર રહ્યો છે ગાજી...વિવિધ આરાધનાઓથી દિલડા થાય રાજી...

- પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાનુવર્તીની પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પુ. કીર્તનગુણાશ્રીજી મ.સા. ની નિશ્રામાં....
- દિન દિન ચઢતે રંગે, પુજ્ય ગુરૂદેવના સત્સંગે... સંઘવાસીઓ વિવિધ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે ઉમંગે...
- જિનવાણી શ્રમણ દ્વારા મળે છે સમ્યગ્ દ્રષ્ટી...૬૭ તીર્થ અનુષ્ઠાન દ્વારા માણી અનેક તીર્થોની મસ્તી...વળી ઉવસગ્ગહરં પુજન કરી કીધી પાર્શ્વ પ્રભુની ભક્તિ...હવે નેમિજિન કલ્યાણકની ઉજવણી કરી કરશું આત્માની પુષ્ટી..
- શ્રા.સુ. ૪ તા. ૪-૮-૨૦૧૯ રવિવાર, સમય સવારના ૯.૦૦ કલાકે ફક્ત નેમનાથદાદાના સ્તવન દ્વારા ચિરાગભાઈ સંગોઈના સંગાથે હાઉઝી રમાડવામાં આવશે. સવારના ૯.૧૫ પછી કોઈને ટીકીટ આપવામાં આવશે નહીં માટે દાદાની ભક્તિ કરવા આપ સહ પરીવાર સમયસર પધારવા વિનંતી.
- શ્રા. સુ.૫, તા. ૫-૮-૨૦૧૯, સોમવાર, માસધર-સવારે ૯.૦૦ કલાકે ચિરાગભાઈ સંગોઈ તથા સંગીત કલાકારોને સથવારે..
- દાદા નેમનાથના જન્મ કલ્યાણકે પધારજો સહુ વહેલા વહેલા...૧૦૮ અભિષેક દ્વારા ભક્તિમાં થાશું ઘેલા...તે દિવસથી એક એક ઉપવાસ કરીને તપના ભાવ રાખીએ હરદમ...જેથી નાશ થાશે આપણાં નિકાચી કર્મ...
- શ્રા.સુ.૬ તા. ૬-૮-૨૦૧૯, મંગળવાર : નેમનાથ દાદાનું દિક્ષા કલ્યાણક – ગિરનાર ગીરીનો મહીમા.
- તા.ક. : તા. ૫-૬-૭ ઓગષ્ટના અઠમ તપ રાખવામાં આવેલ છે અંબરનાથ સંઘવાસીઓને બહોળી સંખ્યામાં અઠમ તપ કરવા વિનંતી.
- શ્રા.સુ. ૮ – ગુરૂવાર પ્રભુ પાર્શ્વનાથ દાદાનું મોક્ષ કલ્યાણક...તે દિવસે સંઘમાં ગ્રીન એકાસણા કરવામાં આવશે. સકલ શ્રી સંઘને એકાસણા કરવા વિનંતી...
- શ્રા.સુ. ૯ના અચલગચ્છના આદ્ય સંસ્થાપક પ.પુ.આ.ભ.શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મ.સા.ની પુણ્યતિથિ... પુજ્ય ગુરૂદેવ હતા મહાન, ભાવે કરશું આપણે એમના ગુણગાન...સર્વે કાર્યક્રમમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.
- તા.ક. : પંચમેરૂ તપમાં (એકાંતરા ઉપવાસમાં) અંબરનાથ સંઘના ૮૦ જેટલા ભાગ્યશાળીઓ તપ કરી આગળ વધી રહ્યા છે. લિ. શ્રી ક.વિ.ઓ. જૈન સંઘ અંબરનાથના જય જિનેન્દ્ર.

2/1/1(6) -------- (A-10780)(2-4)

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સકળસંઘ-સંમેલન સંદેશ

દરેક ગામ અને શહેરનાં શ્રાવક/શ્રાવિકાઓ અનંત ઉપકારી પૂજ્ય આચાર્યશ્રી સુરજી સ્વામી અને પદવીધર મહાસતીજી નીનાબાઈ સ્વામી આદિ સાધુ-સાધ્વીજી ઠાણાઓનું સંમેલન કારતક વદ -૧૦, ગુરૂવાર, તા. ૨૧-૧૧-૧૯ના કચ્છ-વડાલા, મધે રાખવામાં આવેલ છે. ચાતુર્માસ બાદના સંમેલન વખતે દરેક ગામ અને શહેરના સંઘના શ્રાવક-શ્રાવિકા સૌને દર્શન અને વ્યાખ્યાન વાણીનો લાભ લેવા વિનંતી. લી. મંત્રીઓ.

2/1/1(50) -------- **(A-10788)(3-1)**

શ્રી સાંતાકુઝ અચલગચ્છ જૈન સંઘ

શોભી રહ્યો છે અજિત કુંથુ દાદાનો મહેલ જ્યાં આરાધનાની ઉછળે છે રેલમ છેલ શાસનસમ્રાટ અગ.પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની અસીમ કૃપાથી અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પરમવિદુષી પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૬ની નિશ્રામાં સાંતાકુઝ (વે.)માં આરાધનાની છોડો ઉછળી રહી છે. કેવલનાણી-અનુષ્ઠાન, જાહેર વ્યાખ્યાન બાદ હવેના રવિવારે ૯.૧૫ કલાકે તા. ૪-૮-૧૯ના નેમનાથ પ્રભુના જન્મકલ્યાણક નિમિત્તે શિવમાતા બની હાલરડું ગાવાની હરિફાઈ તેમજ સ્તવન હરિફાઈ રાખવામાં આવી છે સાથે ગિરનારની ભાવયાત્રા + આરાધના પણ કરાવવામાં આવશે. તા. ૬-૮-૧૯ સોમવારે સવારે ૬.૦૦ કલાકે અજિત કુથું દેરાસરે વર્ધમાન શક્રસ્તવના અભિષેક પણ રાખેલ છે. તા. ૮-૮-૧૯ના પાર્શ્વનાથ મોક્ષ કલ્યાણક નિમિત્તે સવારે ૯.૦૦ કલાકે સમ્મેત શિખર તીર્થની ભાવયાત્રા રાખવામાં આવેલ છે. શ્રાવણ સુદ-૯ તા. ૯-૮-૧૯ શુક્રવાર અચલગચ્છના આદ્ય સંસ્થાપક આર્યરક્ષિત સૂરીશ્વરજી મ.સા.ની જન્મતિથિ નિમિત્તે ગુરુ ગુણાનુમોદના સહ આરાધના. તો સાંતાકુઝવાસીઓ ન રહેશો બેખબર પધારજો દરેક આરાધનામાં સમયસર. લિ. મંત્રીઓ.

2/1/1(48) -------- **(A-10787)(3-2)**

(JYF) જૈન યુથ ફોરમ

સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ

એકવાર ઉપરાંત બ્રસ કરવું નહીં. (NOT TO BRUSH MORE THAN ONCE)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● JYF ભારતી મુરજી મારૂ (બિદડા) ૯૮૬૯૧૨૦૦૯૪.

● JYF સાથે કનેક્ટ થવા તમારા વોટ્સએપ નંબરથી ૯૩૭૨૯૭૬૬૬૫ ઉપર JYF કરી મેસેજ કરો.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારડીન્સ-મોખા).

2/1/1(21) -------- **(A-10388)(3-3)**

ડીજીટલ ટેક્નોલોજીના દુનીયામાં

એકમાત્ર વિશ્વસનીય નામ દર્શન ઈન્ફોટેક

આજના કોમ્પ્યુટર યુગમાં બ્રાન્ડેડ કંપનીના જેન્યુન નવા કોમ્પ્યુટર્સ, પ્રીન્ટર્સ, લેપટોપ્સ, CCTV, ટાઈમ એટેન્ડેન્સ વિ.ની ખરીદી, નિયમિત સવીર્સીંગ, રીપેરીંગ માટે ભરોસાપાત્ર નામ. વ્યાજબી ભાવમાં મળશે. હાર્ડવેર, સોફ્ટવેર, નેટવર્કિંગ, રીમોટ સપોર્ટ, ડેટા રીકવરીની દરેક અને કોઈ પણ જાતની માહીતી, સંતોષકારક સેવા તથા જેન્યુન પાર્ટસ માટે વિશ્વસનીય નામ. એક વાર ઓર્ડર આપી ખાત્રી કરી જુઓ. સંપર્ક : દર્શન ઈન્ફોટેક (દર્શન ગોસર-૯૬૧૯૧૫૨૩૧૫)

1/1/1(47) -------- **(B-10786)(3-4)**

શ્રી સાભરાઈ મૂ.પૂ. જૈન મહાજન

માનવ મહેક

આજની મોંઘવારીના જમાનામાં કોઈ બિમારી ક્યારે આવી જાય છે, એની ખબર પડતી નથી. માટે દરેક ગામવાસીઓએ મેડિકલ પોલીસી કઢાવી લેવી જરૂરી છે. જરૂરીયાતમંદ ગામાઈઓને સંજીવની તથા કોઈપણ પ્રાઈવેટ કંપનીમાં કઢાવેલ પોલીસી ઉપર યોગ્ય સહાય આપવામાં આવશે. પ્રિમીયમ ભર્યાની રસીદની ઝેરોક્સ કોપી આપી જવા વિનંતી. તેમજ શૈક્ષણિક સહાય માટે હજી કોઈ બાકી હોય તો ફોર્મ ભરી રસીદની ઝેરોક્સ આપી જવા વિનંતી.

● સંપર્ક : CA શ્રી એલ.એન. મારૂ : ૯૮૨૧૧૨૨૩૮૩ (દાદર), હિરલ ગડા : ૯૮૨૦૧૦૩૩૩૪ (ડોંબિવલી). લી. મંત્રીઓ.

2/1/1(7) -------- **(A-10791)(3-5)**

જિતગુરૂના માંગલીકમાં થયો જય-જયકાર

વિશાળ બંગલો હોલ રોબી સર્વ હાઉસ ફુલ્લ

ક.આ.મો.પ.ના કચ્છ કેસરી પૂ.આ. પુનમચંદ્રજી મ.સા.ના શિષ્ય શાસનપ્રભાવક-જીવદયા પ્રેમી 'એકલવીર-એકે હજારા' પૂ. ગુરૂદેવ જિતેન્દ્રમુનિના મહામાંગલીકમા પૂ. અરૂણાબાઈ મ. પૂ. ચંદનાબાઈ મ. આદિ ચતુર્વિધ સંઘની નિશ્રાને વિશાળ માનવ મેદની વચ્ચે ભવ્ય પ્રોગ્રામ યોજાયું શ્રી જિતગુરૂ યુવા મંડળ વતિ-અજયભેદા સ્વાગત પ્રવચન કર્યું બંને સાધ્વી સ્તવના રજુ કરી. પૂ. જિતગુરૂદેવ મઝાનુ પ્રવચન કરી માંગલીક ફરમાવ્યું સર્વ શ્રોતા ધન્ય બન્યા ૫૦ રૂપિયાનું સંઘપૂજન થયું આવતું મહામાંગલીક તા. ૩૦/૮ના યોજાશે. જેની સૌએ નોંધ લેવી કચ્છ કેસરી પૂ.આ. પુનમચંદ્રજી મ.સા.ની પુણ્યતિથિ તા. ૧૪/૮ થી તા. ૧૮/૮ પાંચ દિવસ ભારે ઉલ્લાસથી ઉજવાશે. જય હો ! પૂ. આ. પુનમગુરૂનો ! લી. ગુરૂભક્તો.

2/1/1(44) -------- **(A-10782)(3-6)**

મલાડ આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ

શનિવાર ૩/૮ બાળકો માટે પાઠશાળાનું આયોજન સમય બપોરના ૩.૦૦ થી ૪.૩૦

● રવિવાર ૪/૮ સમૂહ સામાયિકનું આયોજન દર્શનાબેન ધર્મઆરાધના કરાવશે સમય ૮.૪૫ થી ૧૧.૦૦

● ગુરૂવાર ૮/૮ પ્રેમળ જ્યોત મંડળ સંચાલિત બહેનો માટે સામાયિકનું આયોજન સમય ૨.૩૦ થી ૪.૩૦

● સ્થળ : માતુશ્રી પાનબાઈ પદમશી નરશી ગાલા આરાધના હોલ, ગાલા બ્લોસમ, મામલતદાર વાડી રોડ નં. ૧, મલાડ (વે.) પત્રિકા સૌજન્ય : શ્રીમતી નિર્મળાબેન તલક્શી સતરા (લાખાપુર) અને માતુશ્રી મંજુલાબેન વસનજી છેડા (રતાડીયા ગણેશ).

2/1/1(34) -------- **(A-10767)(3-7)**

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સંઘ-ભાંડુપ

અચલગચ્છાધિપતિશ્રી આજ્ઞાવર્તિ પ.પૂ. સાધ્વી શ્રી વિરાગ ગુણાશ્રી મા.સા. ભાંડુપ સંઘમાં દર રવિવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સવારના 'અમીચંદની અમી દ્રષ્ટિ' એમના ૯ ગુણોની વિશિષ્ઠ છણાવટ સાથે સરળ સચોટ ભાષામાં જાહેર પ્રવચન ફરમાવી રહ્યા છે. પ્રવચન બાદ પધારેલા સર્વે ભાવિકોની સાધર્મિક ભક્તિ સંઘ તરફથી રાખેલ છે. સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ... શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ.

2/1/1(40) -------- **(A-10772)(3-8)**

દેશ વિદેશ કુરિયર ૨૪*૭

એક્સપોર્ટરો / ઈમ્પોર્ટરો માટે ઉત્તમ સર્વિસ અને વ્યાજબીભાવે એરપોર્ટ ટુ એરપોર્ટ, ડોર ટુ ડોર Cargo તેમજ exhibition માટે bulk load / sample/ Freight Economic Express Service થી મોકલવા - લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. Free Pick Up Service PAC n DELIVER T- 48932230, M-8879991866 anuj@ pacndeliver.com 20 years of Quality Service.

2/1/1(24) -------- **(B-10284)(3-9)**

મહિલા સંસ્થા સમાચાર

'શ્રી મોખા મહિલા મંડળ'

'પહેલું સુખ તે જાતે નર્યા.' માંદગી શા માટે આવે છે? તે જાણવું છે? અને માંદગીને પ્રાકૃતિક ઉપચારથી પોતે પોતાની રીતે જાણી સ્વાસ્થ્ય પાછું મેળવી શકાય છે. આ સમજાવવા ગામ મંજલના અને ગોરેગામના મંગલ નેચર ક્યોર અને યોગીક સાયંસ સેંટરના પ્રણેતા ડો. રમણીક ખીયશી ગડા પધારશે. તો ગામવાસી બહેનો અને નિયાણી બહેનો તા. ૧૦-૮-૧૯ને શનિવારે બપોરે ૨.૩૦ વાગે માતુશ્રી વેલબાઈ સભાગૃહ માટુંગા મધે લાભ લેવા વિનંતી. મેમ્બરોને ફ્રી અને અન્યને રૂા. ૧૦૦ ભરી પ્રવેશ મેળવવો વ્યવસ્થા જળવાઈ રહે માટે બહેનોએ પોતાના નામ તા. ૬-૮ મંગળવાર સુધી (૧) હીના સતરા : ૯૮૨૧૫૦૪૨૪૨ (૨) ઝવેરબેન ગાલા : ૯૮૩૩૭૨૮૪૮૯ (૩) શુશીલા ગાલા : ૯૮૩૩૩૬૭૬૦૧, પર લખાવવા વિનંતી. આ વર્ષની મેમ્બરશીપ લેવામાં આવશે. મહાજનશ્રીના પ્રણેતા -પાયાના પથ્થર પૂ. શ્રી વેલજીબાપાની ૪૦મી પૂણ્યતિથી ઉજવણી નિમિત્તે સંસ્થાએ આ હોલ મંડળને નિઃશુલ્ક આપેલ છે. તે બદલ પરિવારજનોનો આભાર. પૂજ્ય બાપાની સેવાઓ યાદ કરી તેમને લાખેણી સલામ. લી. મંત્રીઓ.

2/1/1(7) -------- **(A-10413)(3-10)**

શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન બોરીવલી પ્રેરીત

લેડીઝ વિંગ કેરીયર ઈન કુકીંગ

સ્વયંસિધ્ધા મણકો-૪માં, શુક્રવાર, તા. ૯-૮-૧૯ના બપોરના ૨ થી ૫ દરમ્યાન ગામ સાડાઉના શ્રીમતી બિજલ વિશાલ ગાલા (Jasty Cakes) દ્વારા કેક મેકીંગ ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ પ્રકારના કેક્સ-ફોટો રોલર ઈન ટ્રફલ (Special attraction), વાઈટ ફોરેસ્ટ, ફોટો પ્રીન્ટ કેક, ફ્રુટ કેક, જેલ કેક બનાવતા શીખવાડવામાં આવશે. ગૃહીણીઓ અને વિદ્યાર્થીનીઓને કેક મેકીંગને વ્યવસાય તરીકે અપનાવી કેવી રીતે પગભર થવું તેની વિસ્તારપૂર્વક જાણકારી આપવામાં આવશે. સ્થળ : મનીષ શાહ, નક્ષત્ર બિલ્ડીંગ, ૩જે માળે, ચંદાવરકર રોડ, બોરીવલી (વેસ્ટ) એન્ટ્રી ફી : રૂા. ૧૦૦/- ભરી સોમ તા. ૫-૮ અને મંગળ તા. ૬-૮ના સાંજના ૪ થી ૬ દરમ્યાન મહાજનની ઓફિસમાં નામ નોંધાવવા વિનંતી. સંપર્ક : ૨૮૯૮૧૫૧૦. લિ. મંત્રીઓ. શ્રી પ્રકાશ ફુરીયા, શ્રી અમિત નંદુ. જા.સૌ. ભાવના રોડવેઝ (બોરીવલી). વિરલ મણીલાલ ધરોડ.

4/1/1(43) -------- **(A-10781)(3-11)**

શ્રી કારાઘોઘા મહીલા મંડળ દ્વારા

ભાનુબેન શેઠીયાના અનશનવ્રતની અનુમોદના

સંસારના બંધનો તોડી, મોહમાયા છોડી જીવનને ઉજાગર કરતા શ્રી કારાઘોઘા મહીલા મંડળના આદ્ય કમીટી મેમ્બર શ્રીમતી ભાનુબેન જેઠાલાલ શેઠીયા અનશનવ્રતની ઉગ્ર આરાધના કરી રહ્યા છે. ભવ્યાત્માની ધર્મ આરાધનામાં શાતા સારી છે. તેઓની મનોકામના પરીપુર્ણ બની મોક્ષમાર્ગના પથિક બની મોક્ષ સુખ પામે એવી પ્રાર્થના. તપસ્વી આત્માને કોટી કોટી વંદના. આજે શનિવાર, તા. ૩ ઓગષ્ટના ૧૧મો ઉપવાસ છે. લિ. મંત્રીઓ.

4/1/1(77) -------- **(A-10831)(3-12)**

અભિનંદન ટુર

૧૩/૯ થી ૨૨/૯ કેરેલા ૯ રાત્રિ ૧૦ દિવસ, પુવર રોકાણ સાથે કુલ (૫) સીટ બાકી, ૧૩/૯ થી ૨૨/૯ નૈનીતાલ, મસુરી, કોર્બેટ ૯ રાત્રિ ૧૦ દિવસ જુજ સીટો બાકી, ૨૯/૧૦ થી ૭/૧૧ કેરેલા પુવર રોકાણ સાથે બુકિંગ ચાલુ, ૨૯/૧૦ થી ૫/૧૧ દુબઈ, ૧૭/૧૧ થી ૨૫/૧૧ જબલપુર, પંચમઢી, કાન્હા જંગલ, ટ્રેન ટિકિટ સાથે, ૯ રાત્રિ ૧૦ દિવસ Cont. No. હેતલ સાવલા : 9004996495, સરલા સાવલા : 9821177633

2/1/1(11) -------- **(B-10526)(3-13)**

નોકરી ખાલી છે.

FOOD SPOT ઘાટકોપરમાં

ડ્રાયફ્રુટસ / ફરસાણના કાઉન્ટર માટે કચ્છી-ગુજરાતી યુવકો જોઈએ છે. રૂબરૂ મળો. 'ફુડ સ્પોટ' તિલક રોડ, ઘાટકોપર (ઈ.) 'વિનોદભાઈ' મો.: 9820042838 વિનોદભાઈ.

2/1/1(5) -------- **(R-10581)(3-14)**

ચેંબુરના શો રૂમ માટે કેશ કાઉન્ટર સંભાળી શકે અને બારકોડ, બીલીંગ કરી શકે એવા અનુભવી યુવક કે યુવતી જોઈએ છે. ચેંબુર સ્ટેશન. સાંજે ૪-૮ આશિષ : ૯૮૨૦૦૧૬૩૩૨ / ૭૩૦૩૦૦૬૫૧૫

2/1/1(16) -------- **(R-9963)(3-15)**

ભાતબજાર ઓફિસમાં નોકરી ખાલી છે!

! કોલેજ વિદ્યાર્થી માટે પણ અનુકુળ !

ઓફિસ/બહારના સાધારણ કામ માટે લખી વાંચી શકે તેવા કચ્છી/ગુજરાતી ભાઈ/વિદ્યાર્થી જોઈએ છે. અનુભવ જરૂરી નથી. પગાર મર્યાદિત. મળો (૧૨ થી ૫) BFMA, ૪૦૨, શારદા ચેંબર નં. ૧, ભાતબજાર ફુવારા સામે. (ઓળખીતા, મિત્રોને પણ જણાવો)

4/1/1(37) -------- **(R-10763)(3-16)**

જોઈએ છે

પરેલ અને એલફીન્સ્ટન / પ્રભાદેવી સ્ટેશનથી નજીક રેડીમેડ ગારમેન્ટસના શો રૂમ માટે CASHIER જોઈએ છે. (કમ્પ્યુટર નોલેજ આવશ્યક) સંપર્ક : પ્રવિણ દેઢીઆ-9920682777. (સંપર્ક ટાઈમ : બપોરે ૧૨ થી ૪)

4/1/1(51) -------- **(R-10790)(3-17)**

કીડસ વેઅરના દુકાન માટે કેશકાઉન્ટરસંભાળી શકે અને કોમ્પ્યુટરના જાણકાર હોય એવા અનુભવી યુવાન/યુવતીની જરૂરી છે. મળો : લીટલ એંજલ, ચેમ્બુર (ઈસ્ટ) સમય : ૧૧ થી ૨, ૪ થી ૮. સંપર્ક : ૯૮૨૦૦૧૬૩૩૨, ૭૩૦૩૦૦૬૫૧૫.

1/1/1(67) -------- **(R-10820)(3-18)**

'ભાંડુપ : લગેજ શો રૂમ માટે'

! કેશીયર જોઈએ છે !

પરફેક્ટ હિસાબ રાખી શકનાર, હોશીયાર અને પ્રમાણીક વ્યક્તિ (કેશીયર) જોઈએ છે. પગાર યોગ્યતા મુજબ. બાયોડેટા સાથે (સાંજે ૫.૩૦ થી ૯.૩૦માં) મળો. 'ટ્રાવેલ પ્લાઝા' નૌપાડા, પાનેરી, સાડીની બાજુમાં, થાણા (વે.) ફોન : ૨૫૪૦૬૦૦૯ લિ. હેમેન્દ્ર સતિઆ

2/1/1(85) -------- **(R-10840)(3-18)**

મેનેજર જોઇએ છે

મુંબઈ-પરેલમાં કપડાંની રિટેલ દુકાન માટે - અનુભવી હોશિયાર, વિશ્વાસુ મેનેજરની જરૂર છે. સંપર્ક : પ્રશાંત ગડા : 998777800

2/1/1(3) -------- **(R-10720)(3-19)**

'અનમોલ ઓફર'

શું આપ જુનુ સોનું વેચવા માંગો છો? તો આ રહી જબર જસ્ત ઓફર, અમે આપના જુના સોનાના દાગીના ટી.વી. પર આવતા ભાવથી ૧% ફેર કરી રોકડેથી અથવા ચેકથી લેશું. બીજે આપતા પહેલા એકવાર મુલાકાત લઈને ખાત્રી કરવા જરૂરથી પધારો. અનમોલ જ્વેલર્સ પરેલ ટી.ટી. ૨૪૧૩૩૯૩૬/ ૨૪૧૩૮૬૨૬ ગામ : કચ્છ ફરાદિવાલા શાંતીભાઈ ધનજી દેઢીયા. ફોન નં. 9664016668.

2/1/1(18) -------- **(B-10096)(3-20)**

શું તમને 'ચક્કર (Vertigo) ફીટ' આવે છે?

તેમજ ચાલતાં-ચાલતાં ચક્કર આવે છે?, શરીરમાં નબળાઈ લાગે છે/ માથું દુઃખે છે... તો આજે જ અમારા બોરીવલી (ઈસ્ટ)ના કલીનીકમાં મળો અને ચક્કરની બીમારીમાંથી મુક્તી મેળવો... સંપર્ક : RTKL Vertigo & Clinic, ડો. નેહા - (MS-ENT), ફેમસ વર્ટીગો સ્પેશ્યાલીસ્ટ - 7777053057, 9702263016, 9820030592, 28842050 (બોરીવલી).

2/1/1(83) -------- **(B-10838)(3-21)**

સેલ – સેલ –સેલ
લગ્નના ભાડાનાં કપડાનું સેલ મેજિક વર્લ્ડ

તા. ૩ ઓગસ્ટ શનિવારથી સેલ. લેડીઝના ચણિયાચોળી, વન પીસ ગાઉન ઈન્ડોવેસ્ટન અને સાડીઓ તેમજ જેન્ટસના ઈન્ડોવેસ્ટન, ટુ-પીસ સુટ, થ્રી પીસ સુટ, બ્લેઝર અને જોધપુરીનું ભવ્ય સેલ. એકદમ પાણીના ભાવે. કોઈપણ પીસ લ્યો ફક્ત ૫૦૦ રૂા. ૧૦૦૦ રૂા. ૧૫૦૦ રૂા.માં મેજિક વર્લ્ડ – ટાઈમ ૧ થી ૯. Add: શોપ નં. ૨૪, સાઈ ઈન્ફોટેક, પટેલ ચોક, ઘાટકોપર (ઈસ્ટ) ૭૭. (સ્ટેશનથી ફક્ત એક મિનિટના અંતરે) Mob No.: 7208135214 / 9819505687

2/1/1(25) -------- **(B-10754)(4-1)**

નિરવ ટુર્સ & ટ્રાવેલ્સના આગામી ડોમેસ્ટીક પ્રવાસો

લેહ-લદાખ.
- કાશ્મીર.
- આસામ-અરૂણાચલ-મેઘાલય.
- ઈંદોર, ભોપાલ, ગ્વાલીયર, ખજુરાહો, જબલપુર, પંચમઢી, કાન્હા.
- ત્રિપુરા, મણીપુર, મીઝોરમ, નાગાલેન્ડ.
- દાર્જીલીંગ-સિક્કીમ.
- કીન્નોર-લાહુલ-સ્પીતી.
- આંદામાન-નિકોબાર.
- સોમનાથ, સાસણગીર-દીવ.
- ઓરીસ્સા, ભુવનેશ્વર, જગન્નાથપુરી.
- સીમલા, કુલુ મનાલી, ધરમશાલા, અમૃતસર, ચંદીગઢ.
- નૈનીતાલ, મસુરી, કોર્બેટ પાર્ક, દહેરાદુન, રાનીખેત.
- કેરાલા.
- કર્ણાટક.
- રાજસ્થાન.
- લક્ષદ્વીપ.
- ગોવા
- કચ્છ સફેદ રણ.
- મહારાષ્ટ્ર
- ભુતાન
- નેપાલ. સં. નીરવ સતરા (કચ્છ-વડાલા) 9004667806, 8828017806, 8828037806.

4/1/1(13) -------- **(B-10530)(4-2)**

નિરવ ટુર્સ & ટ્રાવેલ્સના આગામી ઈન્ટરનેશનલ પ્રવાસો

દુબઈ + આબુધાબી
- સીંગાપોર + Cruise.
- મલેશીયા.
- બેંગકોક + પટાયા + ફુકેટ
- હોંગકોંગ + મકાઉ
- રશીયા
- તાશ્કંદ
- અઝરબૈજાન + બાકુ + ગબાલા
- શ્રીલંકા
- જાપાન
- માલદીવ્સ
- મોરેશીયસ
- બાલી
- ભુતાન
- નેપાલ. સં. નીરવ સતરા (કચ્છ-વડાલા) 9004667806, 8828017806, 8828037806.

1/1/1(12) -------- **(B-10527)(4-3)**

સફેદ ડાઘ, કોઢ માટે લાઈટ, ગ્રાફટીંગ, સોરાયસીસ, સતત ખંજવાળ ઈલાજ

(સફેદ ડાઘ) Vitiligo ની એડવાન્સડ ટ્રીટમેન્ટથી ઘણાને ફાયદો. રજીસ્ટ્રેશન-૧૫૦/- તા. ૩/૮, ૪/૮ શનિ, રવિ. દિયા હેલ્થ કેર ૧૦૨, બિલેશ્વર ટાવર, અતુલ ઈલેકટ્રોનીસની ઉપર પાંચ રસ્તા જંકશન, મુલુંડ (વે.) ડો.વીણા (ગામ-વડાલા). ૦૨૨-૨૫૯૦૧૦૮૫/૯૮૨૦૭૪૮૪૪૦. સવારે : ૯-૧, સાંજે : ૪-૭

3/1/1(39) -------- **(B-10757)(4-4)**

Invest in Fixed Deposit - HDFC Limited

Resident Individual Earn up to 7.92% (0.25% Additional For Sr Citizen). For Trust / Financial Inst. 7.97% on Deposit of 33 /66 Month tenure. For Forms/ Further Detail contact Mehul Bheda : 9819592326

2/1/1(46) -------- **(B-10784)(4-5)**

ઝરણા ટુર

'કેરલા દેવોની નગરી જાણે ધરતી પરનું સ્વર્ગ' 'કેરલા નહી દેખા યારો તો કુછ નહી દેખા' તો ચાલો આવા ઠંડીના આહલાદક વાતાવરણમાં કુદરતને ખોળે જઈને મોજ કરીએ. ૬ રાત્રી/૭ દિવસ (કિચન ટુર) પ્રવાસ તારીખ : ૨૫ ઓક્ટોબર, ૧,૮ નવેમ્બર
- કોચીન-૦૧ રાત્રી
- મુનાર -૦૨ રાત્રી
- થેકડી-૦૧ રાત્રી
- કુમાર કોરમ -૦૨ રાત્રી
- મેથુંપટ્ટી ડેમ, ઈકો પોઈન્ટ, ચાના બગીચા, કેરલા ફેમસ બેક વોટર રાજમાલા નેશનલ પાર્ક વગેરે..વગેરે... વગેરે...
- અનલીમીટેડ મીનરલ વોટર
- ૩ સ્ટાર અને ૪ સ્ટાર હોટલમાં રહેવાનું.
- ઘર જેવું જ સ્વાદીષ્ટ ભોજન, રાજસ્થાની મહારાજના હાથનું બનેલો (જૈન ફુડ અવેલેબલ) સવારનો નાસ્તો બપોરનું જમવાનું, રાત્રીનું વાળુ પણ સાથે.
- લોઅન પર ટુર અવેલેબલ. સં. હાર્દિક વોરા : ૯૯૭૫૧૮૦૭૩૧, રાજ હરિયા : ૮૬૫૫૭૨૨૨૩૧ ઈમેલ : helpzaranatours@gmail.com અદિત્ય પરપાર : ૯૯૩૦૯૮૯૫૬૩

2/1/1(15) -------- **(B-9828)(4-6)**

ઝરણા ટૂર 'દુબઈ ટુર : સોનાની નગરી' ચાલો અમારી સાથે

૬ રાત્રી /૭ દિવસ પ્રવાસ તારીખ : ૨૦ ઓક્ટોબર, ૩,૧૦, ૧૭, ૨૪ નવેમ્બર
- બરદુબઈમાં ૪ રાત્રી અને ૦૨ રાત્રી ૫ સ્ટાર હોટલમાં
- (બ્રેકફાસ્ટ અને ડીનર) દેશી જમવાનુ
- દુબઈના બેસ્ટ પાર્ક : બોલીવુડ, મોસન ગેટ, મીરેકલ ગાર્ડન
- આબુ-દાબી ટુર અને ફરારી વર્લ્ડ. લીમોઝીન રાઈડ, અન્ડર વોટર ઝુ અને દુબઈ એક્વેરિયમ, ડેઝર્ટ સફારી.
- લોઅન પર ટુર અવેલેબલ. સં. હાર્દિક વોરા : ૯૯૭૫૧૮૦૭૩૧, રાજ હરિયા : ૮૬૫૫૭૨૨૨૩૧ ઈમેલ : helpzaranatours@gmail.com અદિત્ય પરમાર : ૯૯૩૦૯૮૯૫૬૩

2/1/1(17) -------- **(B-9822)(4-7)**

કબજિયાત- ગેસ- અપચો, બહાર આવેલુ પેટ, માનવ સેવા હેતુ મહિનાના માત્ર ૫૦૦ રૂા.

'પ્રણામ શરીર શુધ્ધિ ચુર્ણ' જુનામાં જુની કબજીયાત નીકળી જશે. ખોરાક બરાબર પાચન થશે, ગેસ અને વાયુના કારણે થતાં શરીરના દુખાવામાં ખૂબ જ ઉપયોગી છે, હીમોગ્લોબીન વધશે, બ્લડકલોટ કોલેસ્ટ્રોલ નીકળી જશે. હાર્ટએટેકથી બચાવે અને ૮૦ કરતા પણ વધુ બિમારીઓમાં કામ આવે છે. એવું અક્સીર ચુર્ણનું રાહત દરે વિતરણ ચાલુ છે. લાભ લેશોજી. સંપર્ક : ડોમ્બીવલી-ઈસ્ટમાં રામનગર પોલીસ ચોકી સામે પ્રભાત ફૂડ્સ : 9820541136, મુલુંડ વેસ્ટ સ્ટેશનની સામે નાગરિક સ્ટોર્સ : 25611183, દાદર વેસ્ટ જિયા ગૃહ ઉદ્યોગ : 9323133005, નાલાસોપારા કેવિઓ ગૃહ ઉદ્યોગ : મનુભાઈ મોતા : 9820852668, બોરીવલી વેસ્ટ જનતા સ્ટોર્સ : 28053865

2/1/1(28) -------- **(B-10732)(4-8)**

તહેવારોનો ઉમંગ ! ઉજવો 'જ્યોતિ' સંગે !!

વીર પસલી, રક્ષા બંધન, પર્યુષણ માટે લાઈટ Range Weaving બનારસી કોટન, Art Silk બાંધણીઓ, પટોળા, ફેન્સી દુપટ્ટા માટે પધારો 'જ્યોતિ સાડી' ૨૮ ગની મેન્સન, અરોરા સિનેમા પાછળ, કીંગ સર્કલ, માટુંગા (સે.રે.) ફોન નં. ૨૪૦૪૩૯૯૫. (Sunday Closed)

4/1/1(35) -------- **(B-10765)(4-9)**

ગામ : દુર્ગાપુર (નવાવાસ) **દેવલોકગમન** હાલે : મુલુંડ

માતુશ્રી મોંઘીબેન વેલજી આસુ સાવલા (ઉ.૮૯)

જીવનયાત્રા : તા. ૧૭-૮-૧૯૩૦ થી તા. ૧-૮-૨૦૧૯

નિર્મળ જીવનમાં સાક્ષાત તીર્થ સ્વરૂપ "મા" નુ ઋણ ક્યારેય ચૂકવી ન શકાય,
અનંત ઉપકારી એવા જગત જનની "મા" ના ચરણે કોટી કોટી વંદન...
હે, પ્રભુ! અમારા વાત્સલ્યહૃદયી "મા" ને આપજો મોક્ષપદની પ્રાપ્તિ એજ અમારી પ્રાર્થના

સાસુ-સસરા : માતુશ્રી પુરબાઈ આસુ મોણશી સાવલા. . દુર્ગાપુર (નવાવાસ)
માતા-પિતા : માતુશ્રી ભમીબેન માલશી મોણશી ગાલા . કોડાય
જીવનસાથી : શ્રી વેલજી આસુ સાવલા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
ઉપકારી ગુરૂ : મહોપાધ્યાય પ.પૂ. ભુવનચંદ્રજી મ.સા. (પાર્શ્વચંદ્રગચ્છ)
પ.પૂ. આત્મગુણાશ્રીજી મ.સા. (પાર્શ્વચંદ્રગચ્છ)

પુત્ર
સ્વ. તલકચંદ વેલજી આસુ સાવલા . . દુર્ગાપુર (નવાવાસ)
પુત્ર-પુત્રવધુ
પુષ્પાબેન ચંદ્રકાંત વેલજી સાવલા . . . દુર્ગાપુર (નવાવાસ)
જયાબેન/મંજુલાબેન હેમચંદ સાવલા . દુર્ગાપુર (નવાવાસ)
પુત્રી-જમાઈ
લક્ષ્મીબેન (સુશીલા) શશીકાંત વીરજી વીરા કોડાય-ચેન્નાઈ
અરૂણાબેન ધીરજ મગનલાલ ગાલા . . . . . મેરાઉ
નયનાબેન પ્રફુલ્લ દામજી લાલન . . . . . કોડાય
જ્યોત્સનાબેન હર્ષદ લક્ષ્મીચંદ લાલન . . . . . રાયણ
પૌત્ર-પૌત્રવધુ
ઈલા નીલેશ ચંદ્રકાંત સાવલા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
કવિતા દીપેશ હેમચંદ સાવલા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
પૌત્રી-પૌત્રીવર
કિરણા તુષાર ખુશાલચંદ ગાલા . . . . દુર્ગાપુર (નવાવાસ)
શિલ્પા કૌશિક પીપીન ગડા . . . . . રાયણ
રક્ષા અક્ષિન વસંતલાલ વિસરીયા . . દુર્ગાપુર (નવાવાસ)
વર્ષા ભરત રવજી વીરા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
પૌત્રી
દીક્ષા હેમચંદ વેલજી સાવલા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
દોહિત્ર-દોહિત્રવધુ
સંગીતા પંકજ શશીકાંત વીરા . . . . . કોડાય-ચેન્નાઈ
જેસલ દીપેન શશીકાંત વીરા . . . . . કોડાય-ચેન્નાઈ
ભાવિની રાહુલ ધીરજ ગાલા . . . . . મેરાઉ
મેહુલા કલ્પેશ પ્રફુલ્લ લાલન . . . . . કોડાય
અંકિતા હિરેન પ્રફુલ્લ લાલન . . . . . કોડાય
દોહિત્રી-દોહિત્રીવર
રેખા પિયુષ તલકશી ગડા. . . . . લઠેડી-હૈદ્રાબાદ
બીજલ પ્રિતેશ (પીન્ટુ) મનસુખલાલ ગંગર. . . મોટી ખાખર
દર્શના યોગેશ જગદીશ સોલંકી . . . . . રાજકોટ
શ્રદ્ધા બ્રિજેશ (વીકી) રમેશ સાવલા . . . . . કોડાય
શ્રૃતિ શૈલેષ લક્ષ્મીચંદ કુરીયા . . . . . મેરાઉ
જીજ્ઞાશા અંકિત કિર્તીભાઈ શાહ . . . . . મુંબઈ
પ્રપૌત્ર-પ્રપૌત્રી
રિયા નિલેશ ચંદ્રકાંત સાવલા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
દેવ દિપેશ હેમચંદ સાવલા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
પ્રદોહિત્ર-દોહિત્રી
આયુષ-આકૃતિ તુષાર ગાલા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
સલોની કૌશિક ગડા . . . . . રાયણ
ચાર્મી-જય અક્ષિન વિસરીયા . . . . . દુર્ગાપુર (નવાવાસ)

જૈની-હની-હેત ભરત વીરા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
મયંક-વરૂણ પંકજ વીરા . . . . . કોડાય
કૃતિ દીપેન વીરા . . . . . કોડાય
લબ્ધિ-ધૃતિ - દયાની રાહુલ ગાલા . . . . . મેરાઉ
ધૃવી - નિષ્ઠા કલ્પેશ લાલન . . . . . કોડાય
પંક્તિ પિયુષ ગડા . . . . . લઠેડી
મહેક - ક્રીશીત પ્રિતેશ ગંગર . . . . . મોટી ખાખર
ત્રિશલા યોગેશ સોલંકી . . . . . રાજકોટ
કાવ્ય બ્રિજેશ સાવલા . . . . . કોડાય
આશી શૈલેષ કુરીયા . . . . . મેરાઉ
દેર-દેરાણી
દેવકાંબેન નાનજી આસુ સાવલા . . . . દુર્ગાપુર (નવાવાસ)
સાકરબેન કલ્યાણજી આસુ સાવલા . . દુર્ગાપુર (નવાવાસ)
ભત્રીજા-ભત્રીજાવહુ
રમીલા અરવિંદ નાનજી સાવલા . . . . દુર્ગાપુર (નવાવાસ)
પ્રફુલ્લા જીતેન્દ્ર નાનજી સાવલા . . . . દુર્ગાપુર (નવાવાસ)
રાજશ્રી નીતીન નાનજી સાવલા . . . . દુર્ગાપુર (નવાવાસ)
મંજુલા ચંપક કલ્યાણજી સાવલા. . . . દુર્ગાપુર (નવાવાસ)
ભત્રીજી-ભત્રીજીવર
દમયંતીબેન રતનશી હરશી દેઢિયા . . . . . નાંગલપુર
દિવાળીબેન હસમુખ રામજી પાસડ . . . . . કો. મહાદેવપુરી
રશ્મીબેન સોહિત ખીમજી દેઢિયા. . . . . ગઢશીશા
પિયર પક્ષ
ભાઈ -ભાભી
સાકરબેન નરશી માલશી ગાલા. . . . . કોડાય
હેમલતાબેન વસનજી માલશી ગાલા . . . . . કોડાય
દયાવંતીબેન વલ્લભજી માલશી ગાલા . . . . . કોડાય
બેન-બનેવી
કંકુબેન ખીમજી શામજી ગડા . . . . . રાયણ
હીરબાઈ રણશી નેણશી ગડા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
ભત્રીજા-ભત્રીજાવહુ
કુસુમબેન વસંત નરશી ગાલા. . . . . કોડાય
કુસુમબેન ચંપકલાલ વસનજી ગાલા . . . . . કોડાય
પ્રવિણા વિનોદ વસનજી ગાલા . . . . . કોડાય
મીતા કિરણ વલ્લભજી ગાલા . . . . . કોડાય
ભત્રીજી-ભત્રીજીવર
દિવાળીબેન ઘનજી વેલજી છેડા. . . . . વાંકી
ઘનવંતીબેન કાંતિલાલ દેવજી દેઢિયા . . . . . ગઢશીશા
નિર્મળાબેન હરીશ જીવરાજ શાહ . . . . . બેરાજા
કાંતાબેન રમેશ ખેતશી છેડા . . . . . રાયણ-જબલપુર

ભત્રીજી
સ્વ. કલ્પના વસનજી માલશી ગાલા . . . . . કોડાય
ભાણેજ-ભાણેજવહુ
દમયંતીબેન કલ્યાણજી ખીમજી ગડા . . . . . રાયણ
મણીબેન ટેકચંદ ખીમજી ગડા . . . . . રાયણ
અમૃતબેન હરખચંદ રણશી ગડા . . . દુર્ગાપુર (નવાવાસ)
ભાણેજી-ભાણેજીવર
લક્ષ્મીબેન ખુશાલચંદ દેવરાજ દેઢિયા . . . . . રાયણ
વિમળાબેન ચંદ્રકાંત રામજી સાવલા . . . . . બિદડા
ભાણેજી
મંજુલા રણશી નેણશી ગડા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
કાકી-કાકા
મકાંબાઈ કોરશી મોણશી ગાલા . . . . . કોડાય
મામી-મામા
સોનબાઈ રતનશી જેઠા શાહ . . . . . તલવાણા
વેવાણ-વેવાઈ (૧લી પેઢી)
લક્ષ્મીબેન પ્રેમજી ખીમરાજ દેઢિયા . . . દુર્ગાપુર (નવાવાસ)
હાંસબાઈ પ્રેમજી હરગણ ઘરોડ . . . . . શેરડી
પાનબાઈ રામજી મોનજી ઘરોડ . . . . . લાખાપર
નેણબાઈ વીરજી જેતશી વીરા. . . . . કોડાય
લીલબાઈ મગનલાલ જીવરાજ ગાલા. . . . . મેરાઉ
નેણબાઈ દામજી પુનશી લાલન. . . . . કોડાય
ભચીબેન લક્ષ્મીચંદ માવજી લાલન . . . . . રાયણ
વેવાણ-વેવાઈ (૨જી પેઢી)
નિર્મળાબેન પ્રેમજી હંસરાજ ગાલા . . . . . સમાઘોઘા
વનિતા કાંતિભાઈ કિશન પટેલ . . . . . ભીલાડ
લીલાવંતી ખુશાલચંદ કુંવરજી ગાલા . . . . . નવાવાસ
હેમલતાબેન પીપીન પ્રેમજી ગડા . . . . . રાયણ
દમયંતીબેન વસંતલાલ મેઘજી વિસરીયા દુર્ગાપુર (નવાવાસ)
મણીબેન રવજી ઉમરશી વીરા . . . . . દુર્ગાપુર (નવાવાસ)
પરમ સ્નેહી
રતનબેન રતિલાલ શાહ. . . . . પાલનપુર
ચાંદાબા ભાઈજી . . . . . દુર્ગાપુર (નવાવાસ)
શ્રી કચ્છ દુર્ગાપુર જૈન મહાજન. . . . . દુર્ગાપુર
શ્રી દુર્ગાપુર મહિલા મંડળ . . . . . મુંબઈ
ઋણ સ્વીકાર
'સુ-મતિ' ગ્રુપ. . . . . મુલુંડ (ઈ)

પ્રાર્થના સભા રાખેલ નથી.

ત્વચાદાન-ચક્ષુદાન કરેલ છે.

ઉપરોક્ત નામમાં કોઈનું નામ શરત-ચૂકથી રહી ગયેલ હોય અથવા લખવામાં ભૂલ થયેલ હોય તો ક્ષમાયાચના...

સદ્‌ગતશ્રીના આત્મશ્રેયાર્થે ૧૨ નવકાર ગણવા.. • લૌકિક વ્યવહાર બંધ છે. • ઘરે આવવાની તસ્દી લેવી નહી.

નિવાસ સ્થાન : નિલેશ સાવલા, બી-૩૪, ગાલા નગર, મેહુલ સીનેમાની પાસે, નાહુર રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦.

ફોન આવકાર્ય : પુષ્પાબેન - ૯૧૩૭૪ ૦૨૯૧૦ • નિલેશ - ૯૮૨૦૦ ૯૮૦૩૧ • ઈલા - ૯૮૨૦૮ ૮૮૮૧૧ • હેમચંદ - ૮૭૫૮૨ ૭૯૭૦૯

ઉર્વશી ક્લોથ સ્ટોર (હિંદમાતા) રીયા કલેકશન (હિંદમાતા) હેમચંદ વેલજી સાવલા (દુર્ગાપુર)

(CLA-212474-76)

આધુનિક જીવનશૈલીના વિશાલ શ્રેણીના પ્રોજેક્ટસ્ એક સાથે લૉન્ચ કરી રહ્યા છીએ.

Best Opportunities to buy or invest up to 31st August 2019

એડવાન્સ કિંગડમ-નેરલ

ગર્વ સાથે કહીએ છીએ કે
સ્ટેશનથી ૩ મિનીટના ચાલતા અંતરે ૨૧ થી વધુ
લાઈફસ્ટાઈલ એમેનીટીસ અને ફેસિલીટી સાથે
વિકસીત થઈ રહેલા
નેરલનો પહેલો ટાઉનશીપ પ્રોજેક્ટ
જેમાં ૧૯૪ ફ્લેટ અને દુકાનો છે.
સારામાં સારો સુંદર રમણીય, પ્રદુષણ રહિત,
ગીરીમથક માથેરાન પાસે **વિક-એન્ડ હોમ તથા દુકાનો**

1 RK - 13 Lakhs (All Incl.)
1 BHK - 18 Lakh (All Incl.)

એડવાન્સ લિગસી - ડોંબિવલી

કે.ડી.એમ.સી. ઑથોરાઈઝડ સેન્કશન પ્લાન
ડોંબિવલી સ્ટેશન થી ૧૫ મિનીટના અંતરે
સંપૂર્ણ રહેણાંક પ્રોજેક્ટ
જેમાં ૧૮ થી વધારે લાઈફસ્ટાઈલ ઍમેનીટીસ
અને ફેસીલીટી સાથે ૭૫ થી વધારે ફ્લેટ છે.
બધી પાયાની જરૂરીયાતો જેવી કે માર્કેટ, સ્કૂલ, કૉલેજ,
હોસ્પિટલ ઈત્યાદી ૫ મિનીટના અંતરે.

1 RK - 18.5 Lakhs (All Incl.)
1 BHK - 27 Lakh (All Incl.)

રમેશ ડી. શાહ (લુણી)
(Chairman / MD)

૩૦ વર્ષથી વધારે બિલ્ડર્સ – ડેવલપર્સની કામગીરી બજાવતા એડવાન્સ ગ્રુપ (પૂર્વ બિન્ગો ગ્રુપ – ડોંબિવલી)
જેમણે પોતાના ગ્રાહકોને અને રોકાણકારોને આકર્ષક વળતર અપાવી વિશ્વાસ સંપાદન કર્યો છે.

નવી મુંબઈ, ખારઘર તથા ઉલ્વા વિવિધ પ્રોજેક્ટોમાં ફ્લેટો અને દુકાનો ઉપલબ્ધ છે.

નવી મુંબઈમાં ઉલ્વા પછી અતિ ઝડતી વિકસી રહેલ શહેર દ્રોણાગિરી જેની નજીક આંતરરાષ્ટ્રીય વિમાન મથક, ન્હાવાશેવા સી–લીન્ક બ્રીજ (૨૨ કિ.મી. મુંબઈ અને નવી મુંબઈને જોડતો મહામાર્ગ), જે.એન.પી.ટી. પોર્ટ, ન્હાવા પોર્ટ તેમજ રેલવે દ્વારા ઉરણ રેલ્વેનું કામ પુરજોશમાં ચાલુ છે.

અહીં અમારા પ્રોજેક્ટ ચાલુ છે તેમજ નવા પ્રોજેક્ટ ચાલુ કરી રહ્યા છીએ, જેમાં વપરાશકારો અને રોકાણકારો માટે ભવિષ્યની સુંદર તક રહેલી છે.

અમારા જુથના હાલે ચાલુ પ્રોજેક્ટ

એડવાન્સ હારમની દ્રોણાગીરી
1 RK - 18 Lakhs (All Incl)
1 BHK - 29 Lakh (All Incl)
Rera Registration No. : P52000020840

એડવાન્સ પર્લ દ્રોણાગીરી
1 BHK - 25 Lakhs (All Incl)
RERA COMPLIANT PROJECT

ADVANCE HOME MAKERS PRIVATE LIMITED
RERA REGISTRATION NO.: A51700020090

For Booking
Navi Mumbai | Neral | Dombivli Office
108, Shreedhar Apts, Maulana Azad Road,
Dombivli (E) - 421 201.
Mob.: 88988 18888

PROJECT LAUNCH

Date	Place	Event Venue
3rd August, 2019 & 4th August, 2019 Time : 10 AM to 8 PM	Dombivli	Brahman Sabha Hall, Tilak Road, Dombivli (E) 421 201.
10th August, 2019 & 11th August, 2019 Time : 10 AM to 8 PM	Thane	Trupti Banquet 4th Floor Shivaji Path Road, Opp.Kalyan Jewellers, Near Thane Station (W)
18th August, 2019 Time : 10 AM to 8 PM	Mulund	Tathastu Banquet Hall Kalidas Sports Complex, P. K. Road, Mulund (W)

(CLD-10863)

Web : www.advancegroups.in | Email :- sales@advancegroups.in

BINITA S. MARU - 9869034162

'નાકોડા ડાયમંડ્સ'
(સાચા હિરાના રજવાડી દાગીના માટે રેપ્યુટેડ)

શુકનવંતા હીરા-એક્સકલુઝીવ ડિઝાઇનો-માંગો તે દાગીના- રેડીમાં + આપની પસંદગી મુજબ ઓર્ડરથી (રીઝનેબલ પ્રાઇસ- પ્યોરીટીની ખાત્રી અને પ્રમાણીક વહેવાર અમારો મુદ્રાલેખ)

● 'નાકોડા ડાયમંડ્સ' (ઓપેરા હાઉસ) મો.: ૯૮૯૨૦૮૮૧૧૧ / ૨૩૮૯૩૬૭૦ / ૭૮ વસંત કાનજી ગાલા (ગઢસીસા) મનોજ આર. શાહ (ગોરેગામ).

2/1/1(4) -------- **(B-10579)(7-1)**

રાષ્ટ્રીય કામધેનુ આયોગના ડો. કથીરીયાનો પહેલ
મહીલાઓને ગાય પાળવા લોન માંગણી

ગાયના મુત્ર અને છાણમાંથી આવક રૂા. ૭૦ હજાર સુધી લોન મેળવી બે થી ચાર ગાયો પાળવા ચાર ટકાના વ્યાજે લોન કેન્દ્ર સરકાર આપે વાર્ષિક રૂા. ચાર હજાર કરોડ પાંચ વર્ષ માટે રૂા. ૨૫ હજાર કરોડની માંગણી ગોબરમાંથી ખાતર બનાવવું. કૃભકો અને ઈસ્કોનનો સહયોગ, ગૌટુરીઝમ, શ્રેષ્ઠ ગૌશાળા લોકો નાના બાળકો જોવા જાય. કાઉ ટુરીઝમ ડેવલપ કરાશે. એમ રાષ્ટ્રીય કામધેનું આયોગના અધ્યક્ષ ડો. વલ્લભભાઇ કથીરીયા જણાવે છે. લિ. શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ ટ્રસ્ટીઓ.

4/1/1(33) -------- **(B-10768)(7-2)**

ખારેક મેળો, ખારેક મેળો, ખારેક
ભોરકણી, મીઠી મધુર, રસદાર ખારેક

કચ્છના પ્રખ્યાત બાગની ખારેક માત્ર રૂપિયા ૯૯ થી શરૂ ટેસ્ટ કરીને લઇ જાવ. ક્વોલિટી ખારેકમાં વિવિધ વેરાયટીઓ મળશે. જીયા ગૃહ ઉદ્યોગ દાદર (વે.) 9819472479, 9323133005, 8070472479

2/1/1(86) -------- **(B-10842)(7-3)**

શ્રી ચેકનાકા વા.એ. વર્ધ. સ્થાનકવાસી
જૈન શ્રાવક સંઘ

શ્રીમાન ગાભુભાઇ મેકણભાઇ બોવા ધર્મસ્થાનકમાં લીંબડી અજરામરના ગાદિપતિ બહુશ્રુત પ.પૂ. શ્રી શામજી સ્વામીના પરિવારના શાંત સ્વભાવી પ.પૂ. શ્રી ધૈર્યમુનિ મ.સા. તથા શાસન ચંદ્રિકા પ.પૂ. શ્રી ઉજ્જવલ ગુરૂણીના સુશિષ્યા પ.પૂ. પ્રવર્તીનીજી અનિલાજી મ.સતીજીના આજ્ઞાનુવર્તી પ.પૂ. શ્રી ચેતનાજી મ.સ.જી તથા પ.પૂ. શ્રી તૃપ્તિજી મ.સતીજી આદિ ઠાણા-૨ ચાતુર્માસ અર્થે પધારી ગયા છે. સર્વે ધર્મપ્રેમીઓએ આરાધનામાં ભાગ લેવા વિનંતી. પ્રાર્થના ૯ થી ૯.૩૦ વ્યા ૯.૩૦ થી ૧૦.૩૦ નવકાર મહામંત્રના જાપ ૧૦.૩૦ થી ૧૧.૩૦ નારી સંસ્કારશીબીર દર બુધવારે ૩ થી ૪ સોમવારથી શનિવાર કર્મગ્રંથ થોકડાનો અભ્યાસ ૧૦.૩૦ થી ૧૧.૧૫ સુત્ર પોથી વ્હોરવાનો લાભ રવ નિવાસી અ.સૌ. વાલીબેન મુરજી કારીઆ ચારિત્ર પોથી વ્હોરાવાનો લાભ નુતનત્રંબૌ નિવાસી અ.સૌ. રાજીબેન રણમલ બોવાએ લીધેલ છે હવે આવે છે માસ ખમણનું ઘર, અજરામર ગુરૂની અષ્ઠમ સર્વે ભાઇઓ બહેનો તપમાં જોડાઇ જશો. દર્શન-વંદન-વાણીનો લાભ લેવા વિનંતી. લી. મંત્રીઓ. પત્રિકા સૌજન્ય અ.સૌ. ગંગાબેન મણસી ખેરાજ કારીઆ રવ નિવાસી.

2/1/1(88) -------- **(A-10837)(7-4)**

'શ્રી કૃપા એન્ટરપ્રાઇઝ-ટ્રાવેલ્સ' (બોરીવલી)

ઈન્ટરનેશનલ / ડોમેસ્ટીક રેલ્વે / એર ટિકીટ બુકીંગ કરાવવા તેમજ દરેક સ્થળોનું ટુર પેકેજ/ હોટેલ / કાર / બસોનું બુકીંગ તથા નવા પાસપોર્ટ/ વિઝા, આપના ધંધાનું ઉદ્યોગ આધાર સર્ટીફીકેટ, રેન્ટ એગ્રીમેન્ટ, Income Tax રીટર્ન ફાઇલીંગ કરી આપશું... સંપર્ક : રાજેનભાઇ : 9054338328, દર્પણભાઇ : 9920977047

2/1/1(84) -------- **(B-10839)(7-5)**

SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA

oneup furnishing dream-house

25 YEARS CELEBRATION

KENDRITA GROUP

શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA) નું વન અપ-કેનોરીટા કાઉન્સેલીંગ સેંટર રજુ કરે છે

વર્તમાન સમયના આર્થિક પડકારો અને તેના સંભવિત ઉપાયો

- એવું તે શું કોઇ સફળ બિઝનેસીસ માંથી શીખ મળે જેનાથી આપણે પણ સફળ થઇ શકીએ ?
- કોઇ નિષ્ફળ બિઝનેસીસે એવુ શું કર્યું જે આપણે આપણા બિઝનેસમાં ટાળી શકીએ ?
- એવા કયા બિઝનેસનાં મૂળમંત્ર હોઇ શકે જેનો અમલ કરવાથી આપણે સ્પર્ધામાં ટકી શકીએ ?
- ફેમીલીના સભ્યોએ એવા કયા કયા પગલાં ભરવા જોઇએ જેથી કુટુંબના વડાને ટેકારૂપ બની શકાય ?
- ઘરનાં સભ્યો વચ્ચે નિયમિત રીતે આર્થિક, સામાજીક વગેરે વિવિધ બાબતે કઇ રીતે ચર્ચા-વિચારણા થઇ શકે ?

આ બાબતે જરૂરી ટીપ્સ અને ઉપયોગી માર્ગદર્શન આપવા આવી રહ્યા છે...

❊ વક્તાઓ ❊

શ્રી બસેશ ગાલા
(જાણીતા બિઝનેસ કોચ)

ડૉ. હરીશ શેટ્ટી
(ખ્યાતનામ મનોચિકીત્સક)

❊ સમય સારીણી ❊

૯.૦૦ થી ૯.૩૦ : ચા / કોફી અને રજીસ્ટ્રેશન
૯.૩૦ થી ૧૧.૦૦ : શ્રી બસેશ ગાલાનું વક્તવ્ય
૧૧.૦૦ થી ૧૨.૦૦ : ડો. હરીશ શેટ્ટીનું વક્તવ્ય
૧૨.૦૦ થી ૧.૦૦ : પ્રશ્નોત્તરી

(વેલેટ પાર્કીંગની સુવિધા છે)

આ પ્રોગામમાં કોણ કોણ ભાગ લઇ શકે ???

✣ પરંપરાગત રીટેઇલ ધંધાઓ જેમને આ સ્લો ડાઉનથી સીધી અસર દેખાઇ રહી હોય.
✣ હોલસેલ ધંધાઓ જેમને મોડી આવતી ઉઘરાણી તથા નાણાંભીડ ને કારણે ટર્નઓવર ઉપર અસર દેખાઇ આવતી હોય.
✣ નાના અને મધ્યમ કક્ષાના ઉત્પાદકો જેમને માલ સ્ટોક નો ભરાવો તેમજ વેચાણ ઉપર અસર વર્તાતી હોય.
✣ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન તથા તેને સર્પોટીવ ધંધા-વ્યવસાયિકો જેમના બિઝનેસને આ સ્લો ડાઉનથી સૌથી વધુ નુકસાન થઇ શકે.
✣ પરિવારના મહિલા સદસ્યો, જેમનો રોલ આ કપરા સમયમાં સૌથી વધુ મહત્વનો ગણી શકાય.

❊ કાર્યક્રમની વિગત ❊

તારીખ/સમય : રવિવાર, તા. ૪ ઑગસ્ટ ૨૦૧૯, સવારે ૯ થી બપોરે ૧ કલાકે
સ્થળ : યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદીરની બાજુમાં, દાદર (ઈસ્ટ)
સેમિનાર ફીસ : આપનો અમૂલ્ય સમય

✣ કાર્યક્રમની વ્યવસ્થા માટે રજીસ્ટ્રેશન જરૂરી ✣

To register scan the QR code or visit link : bit.ly/SVGA_Seminar

રજીસ્ટ્રેશન માટે મોબાઇલ નંબર 90223 13382 ઉપર Whatsapp / SMS દ્વારા આપનું નામ, ગામનું નામ, મોબાઇલ નંબર અને ઇમેલ આઇડી મોકલવા અથવા SVGA ઑફીસ ના ટેલીફોન નંબર 2432 7842 પર સંપર્ક કરવા વિનંતી.

✣ વન અપ-કેનોરીટા કાઉન્સેલીંગ સેન્ટર (વર્ષ : ૨૦૧૯-૨૦) ના દાતાશ્રીઓ ✣

માતુશ્રી પુંજીબેન હરધોર ભચુભાઇ કારીઆ (સુવઇ) અને માતુશ્રી રામુબેન ભચુભાઇ ભીમાભાઇ રીટા (લાકડીયા)

"Tough Time Never Last, But Tough People Do"

(B-10821)

લિ. SVGA ની વન અપ-કેનોરીટા કાઉન્સેલીંગ સેન્ટર સમિતી વતી માનદ્ મંત્રીઓ

SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA ● Silver Jubilee ● SVGA

DESI KHANA

ઈન્સ્ટન્ટ, રેડી ટુ ઈટ

શું વિદેશ ભણવા જતા તમારા સંતાનના ખાવાની ચિંતા તમને સતાવે છે? USA, UK, Canada, Europe, Swizz, NZ, Australia વિદેશ ભણવા જતા/ રહેતા વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને પ્રોફેશનલ માટે

● ૩ મિનીટ અને ૩ સ્ટેપ્સમાં ઘર જેવું સ્વાદિષ્ટ બ્રેકફાસ્ટ, લંચ, ડીનર તૈયાર (ગેસ, માઈક્રોવેવ વગર).

● આધુનિક ફ્રીઝ ડ્રાયડ (Space Food) ટેકનોલોજીથી બનાવેલ અને dehydration (ડિહાઈડ્રેશન) કરતા અતિઉત્તમ ૧૦૦% નેચરલ, પ્રિઝર્વેટીવ રહીત પોષ્ટીક વાનગીઓ સંપર્કઃ શીતલ સંગોઈ : 9820610608 / 9820610109. www.DesiKhana.in

2/1/1(22) -------- **(B-10323)(9-1)**

કબજિયાત?? – ૧૦ ગોળીયો ફક્ત ૧૫ રૂપિયામાં

પેટ સાફ ન થવું એટલે અનેક રોગોને આમંત્રણ આપવું, જેવી રીતે પાઈલ્સ, અપચન, એસીડીટીથી કરીને આંતરડાના કેન્સર સુધી. પેટ સાફ કરવા માટે હિમેજ શ્રેષ્ઠ વિકલ્પ છે. હિમેજ અને એરંડિયાના તેલથી બનેલી 'ઉર્જા ઈઝી URJA EAZYગોળીયો' આ માટે અત્યંત પ્રભાવશાળી છે. આનાથી ફક્ત પેટ સાફ થશે, જુલાબ નહિ થાય અને ૧૦૦% આયુર્વેદિક છે એટલે કોઈ સાઈડ ઈફેક્ટ પણ નથી. ૨ ગોળીયો રાતનાં જમ્યા પહેલા ગરમ પાણી સાથે લેવી. ૧૦ ગોળીયો ફક્ત ૧૫ રૂ.માં આયુર્વેદિક વૈદ્ય- ડો. જય રીટા ઉદય સાવલા : ૯૮૨૦૮૮૭૩૨૯. અમારા અન્ય ઉત્પાદન : ૧. 'ઉર્જા ગો-કફ' ચાટણ (કફ-શરદી-ખાંસી માટે). ૨. 'એનઉર્જા (પારિવારિક સ્વાસ્થ્ય ટોનિક).

2/1/1(10) -------- **(B-10545)(9-2)**

'શીખરજી' મહાયાત્રા, પર્યુષણ / દિવાળી 'સાવલા N લોડાયા' ટુર બુકીંગ ચાલુ

આત્મીયતા પૂર્ણ-વ્યવસ્થા પૂર્ણ -ભક્તિ પૂર્ણ યાત્રા, ભક્તિ સાથે ઉત્તમ વ્યવસ્થા, ૨૫ વર્ષના અનુભવી સંચાલકોનું સંગાથ, પૂર્ણ વિધિ સહીત યાત્રાનો સંતોષ, નાના કચ્છી ગ્રુપમાં યાત્રાનો આનંદ સં. 9820565261 / 7021438593

2/1/1(30) -------- **(B-10705)(9-3)**

દુબઈ ૫ રાત્રી– લપીતા સાથે

દુબઈ માણો ૨૪,૯૯૯માં સામેલ છે. ૪ રાત્રી ૩ સ્ટાર હોટલ તથા ૯ રાત્રી લપીતામાં સાથે સીટી ટૂર, ડેઝર્ટ સફારી, કુઝ, અબુધાબી, બુર્ઝ ખલીફા, સ્કી દુબઈ+ Emirates mall સહિતની સાઈટસીન સાથે જય ટ્રાવેલ્સ. પિયુષ સાવલા ગામ- રાયણ :9867177044.

2/1/1(8) -------- **(B-10540)(9-4)**

'કેરેલા ટુર માટે : લોકપ્રિય નામ' ! જયંતિભાઈ બગડાવાલા !

અમારી સાથે સેંકડો પ્રવાસીઓએ 'કેરેલા ટુર'ની મોજ માણી છે.... આજે પણ મીઠા સંભારણા યાદ કરે છે. (૨૦ સપ્ટે. માં જૂજ સીટો બાકી)

● ઉપ. સપ્ટે. ઓક્ટો. નવે. (દિ. ૧૧) મુંબઈથી જવું/આવવું AC ટ્રેન/પ્લેનમાં. સાઈટ સીંગ ૨×૨ ન્યુ બ્રાન્ડ AC બસ દ્વારા. રહેવાનું III / IV સ્ટાર AC હોટલોમાં અને આપણાં જ રસોડે દરરોજ નીતનવી વાનગીઓ સાથે ખાનપાનનો જલ્સો. (જૈન પણ) બીસલેરી વોટર, લગેજ હેન્ડલીંગ. સ્થળો : કોચીન, મુનાર, ઠેકડી, પેરીયાર, અલપઈ, ત્રિવેન્દ્રમ, કવાલમ, પુવર, સુચીન્દ્રમ, કન્યાકુમારી.

● સં. 'જયંતીભાઈ બગડાવાલા' (રૂપલટુર) મો.: 9819165174 / 7977896982

2/1/1(52) -------- **(B-10792)(9-5)**

શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સેવા સમાજ-કુરલા

કુર્લા મહિલા પાંખ આયોજીત

વીરપસલી–રક્ષાબંધન સ્પેશીયલ થાલી મેનું ડેમોસ્ટ્રેસન

રક્ષાબંધન અને પસલીમાં ભાઇના ઘરે આવેલી બહેનો અને મહેમાનોને આપે બનાવેલ વિવિધ વાનગીઓનો રસથાળ પીરસી પરિવારનું મન જીતો.

ગામ ચિયાસરના કુકીંગ કવીન માસ્ટર સેફ વિજેતા

જયાબેન જેઠાલાલ ગોસરની સંગાથે ચાલો શીખીયે અવનવી વાનગી

(૧) વોલનેટ હલવો
(૨) ઈન્સટંટ રબડી
(૩) ડ્રાયફ્રુટ કટલેટ
(૪) સ્વીટ કોન Dumpling
(૫) દેશી રોલ વીથ ચીલી જામ
(૬) વેજીટેબલ પેસાવરી
(૭) બદામી પનીર
(૮) ચીક પીસ પુલાવ
(૯) હૈદ્રાબાદી બિરીયાની
(૧૦) આઈસ મીઠો માવો (મુખવાસ)
(૧૧) પનીર કુરકુરે
(૧૨) કાજુ કરી
(૧૩) દીલખુશ બિરીયાની
(૧૪) પાન બોલ
(૧૫) પુને પરાગ મસાલા

કુર્લા મહિલાપાંખની મેમ્બર બહેનો માટે ફી (આઇ કાર્ડ સાથે લાવવું જરૂરી) નોન મેમ્બર ગેસ્ટ માટે ચાર્જીસ (૧૦૦/-) એકસો રૂપિયા લેવામાં આવશે કુર્લા બહારની બહેનો પણ આવી શકે છે. દરેક જણે પોતાના નામ રજીસ્ટ્રેશન કરાવવા જરૂરી છે.

ડેમો તારીખ ૬–૮–૨૦૧૯, મંગળવાર બપોરના ૨.૩૦ વાગે

સ્થળ : શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા, એલ.બી.એસ. માર્ગ, કુરલા વેસ્ટ

કાર્યાલય : સમય : સવારના ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી રજીસ્ટ્રેશન કરાવવું. ફોન નં. ૨૬૫૪૯૭૨૦-૨૬૫૦૦૩૨૬

વધુ માહિતી માટે સંપર્ક

કન્વીનર - કુસુમબેન છેડા મો.નં. ૯૮૩૩૭૨૮૩૩૩ | કન્વીનર - પુષ્પાબેન સત્રા મો.નં ૯૮૬૯૩૨૭૩૯૩

નોધ : તા. ૪–૮–૨૦૧૯ સુધી રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી

લિ. શ્રી ક.વી.ઓ. જૈન સેવા સમાજ કુરલા મહિલા પાંખ કમિટી

(CLB-10771)

શૈક્ષણિક

સ્વજનની સ્મૃતિને યોગ્ય તર્પણ
સોનગઢ રત્નાશ્રમ

અનેક નિરાશાઓ વચ્ચે આશાના દીવા ઝગમગતા હોય છે. આપણે જીવનમાં પરિસ્થિતિ નથી બદલી શકતા પણ તેના તરફ જોવાનો દ્રષ્ટિ કોણ ચોક્કસ બદલી શકીએ. નવીનાળ / દાદર (ઈસ્ટ)નાં સ્વ. મંજુલાબેન મનસુખલાલ શાહની તા. ૩-૮-૨૦૧૯ના રોજ ૧૩મી પુણ્યતિથી નિમિત્તે હસ્તે શ્રી મનસુખલાલ વેલજી શાહ એ દર વર્ષની જેમ આ વર્ષે પણ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિ કાયમ કરી. જ્યાં સમાજના ધોરણ ૬ થી ૧૨નાં ૪૧૦ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર સ્વસ્થ અને સંસ્કારીય તાલીમ લઈ રહ્યા છે. લી. મનીષ બોરીચા - કારોબારી સભ્ય-દેશલપુર કંઠી : ૯૮૯૨૧૧૧૬૩૪

2/1/1(9) -------- **(A-10553)(10-1)**

નારી ફેશન - ઘાટકોપર
સેલ-૧૦% થી ૫૦% સેલ

ડીઝાઈનર ફેન્સી ચણીયા ચોલી પીટા વર્કના ચણીયા ચોલી-સાડી ફેન્સી વર્કની સાડીઓ, સેલા ઉપાડા સેલા, પટોળા, તેમજ જીણાબંધની બાંધણી બનારસી, ઉપાડા, ફેન્સી દુપટા કુર્તી એકસક્લુસીવ બોર્ડર સાથે ઓછા બજેટમાં હેવી લુકના પાનેતરનો ભરપુર ખજાનો. નારી ફેશન, ૧૦૨, વિદ્યા વિહાર બિલ્ડીંગ, ૧લે માળે, દેરાસર લેન, કચ્છી સેનેટોરીયમની સામે, ઘાટકોપર (ઈ.) મું. ૭૭. ૨૫૦૧૫૫૭૦. રવિવાર બંધ.

4/1/1(72) -------- **(B-10815)(10-2)**

દેવાંશને જન્મદિવસના હાર્દિક વધામણા
સોનગઢ રત્નાશ્રમ

કૃષ્ણ કનૈયા જેવા નટખટ બાળકોને આધ્યાત્મિક અને ૨૧મી સદીનું શારીરિક અને માનસીક સધ્ધરતા પ્રદાન કરતી સંસ્થા એટલે સોનગઢ રત્નાશ્રમ નવીનાળ / દાદર (વેસ્ટ)નાં દેવાંશ હરખચંદ વોરાના તા. ૩-૮-૨૦૧૯ના રોજ ૨૪ મા જન્મ દિવસની ખુશાલી વ્યક્ત કરતા દર વર્ષની જેમ આ વર્ષે પણ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી જન્મ દિવસની ખુશાલી વ્યક્તિ કરી. જ્યાં સમાજના ધોરણ ૬ થી ૧૨ના ૪૧૦ જેટલા બાળકો કોઈપણ જાતના લવા જમ વગર ટેકનોલોજી અને ધાર્મિક તાલીમ લઈ રહ્યા છે. લી. વિજય દેઢિયા-કારોબારી સભ્ય-કપાયા - ૮૧૨૮૮૮૪૬૦૦

2/1/1(26) -------- **(A-10753)(10-3)**

શ્રી ગુંદાલા મુંબઈ મહાજન શૈક્ષણિક સહાય યોજના ૨૦૧૯ના ચેકનું વિતરણ

શ્રી ક.વી.ઓ. જૈન મહાજનના સહયોગથી આપણા ગામના જરૂરીયાતમંદ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ, જેમણે સહાય માટે અરજી પત્રક ભર્યા છે તેમને ચેકનું વિતરણ શનિવાર, તા. ૩/૮/૧૯ના રોજ સમય બપોરના ૩.૩૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા દરમિયાન નીચેના સ્થળે કરવામાં આવશે.

● શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી, માટુંગા ઈસ્ટ CR મુંબઈ -૪૦૦૦૧૯.
● અરજી કરનાર દરેક વિદ્યાર્થી અથવા તેમના વતી વાલીઓ એ ઉપર જણાવેલ સ્થળેથી ચેક લઈ જવા વિનંતી. વધુ વિગત માટે સંપર્ક : દાદર કાર્યાલય નવનીતભાઈ ફોન : ૨૪૧૮૨૬૪૭ મો.: ૯૦૨૯૬૩૪૩૪૦ લી. ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ.

2/1/1(27) -------- **(A-10752)(10-4)**

જૈનમ ટુર (પત્રી) પૈસા વસુલ ટુર

દિવાળી + નાતાલમાં હૈદરાબાદની ૨ ટુર કારનીવર્લ સાથે 29 oct to 4 Nov + 24 Dec To 30 હૈદરાબાદ, રામોજી (કારનીવર્લ) સ્નોવર્લ્ડ લુમીની પાર્ક બિરલા મંદીર લેઝર શો NTR ગાર્ડન ઝુ સાલારઝન કારમ્યુઝીયમ નવગ્રહ, કુલપાકજી, ચૈતન્યપુરી દિ. ૭ રૂા. 9800 A/C પેકેજ 13000 Dec. ની બુ. ચાલુ દિવાલીમાં ફક્ત ૬ સીટ બાકી વહેલો તે પહેલો 14 to 18 Nov મણીલક્ષ્મી, અમુલ ડેરી, ચોકલેટ ફેક્ટરી, સુમેરૂ, નીકલકંઠધામ Statue of unity સાથે અન્ય સ્થળ દિ. ૫ રૂા. 5500 અગામી સ્પે. જયપુર તથા બેંગ્લોરની જાહેરાત જોતા રહેજો રાજસ્થાન, હૈદરાબાદ, નાગેશ્વર, કુંભોજગીરી, ઉવસગ્ગંહર, પંચમઢી, બેંગ્લોર, મણીલક્ષ્મી સ્પે. જયપુરનું ગ્રુપ બુ. કરી આપશું. સ. ચેતના બીપીન છેડા : 9769298340, 9833047519

2/1/1(42) -------- **(B-10778)(11-1)**

'હિના સાડીનો સેલ ૧૫ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે'

૧૨૦૦૦/- થી ૨૦૦૦૦/- સુધીના ડીઝાઈનર ચણીયા ચોળી ફક્ત ૬૫૦૦/-માં તેમજ ૪૦૦૦/- થી ૫૦૦૦/- સુધીના ચણીયા ચોળી ફક્ત ૨૫૦૦/-માં તેમજ ૬૦૦/- થી ૯૦૦/- સુધીની પ્રીન્ટેડ ફક્ત ૩૦૦/-માં તેમજ ફેન્સી બાંધણી- ફક્ત ૧૨૦૦/-માં તેમજ ૧૦૦૦/- થી ૧૪૦૦/- સુધીનો પ્રિન્ટેડ વર્ક ફક્ત -૬૫૦/-માં તેમજ ૧૫૦૦/- ની ફેન્સી બ્રાસો ફક્ત ૮૦૦/-માં તેમજ અનેક વેરાયટી સેલમાં મળશે. (નવો સ્ટોક આવી ગયો છે) બનારસી સેલા સેલમાં મળશે તો એક વાર આવીને ખાત્રી કરજો. ઠે. હિના સાડી, હાલારી વાડીની સામે, હિન્દમાતા, દાદર, મું.૧૪ ફોન ૨૪૧૫૩૫૦૭ (સોમવાર બંધ)

2/1/1(41) -------- **(B-10777)(11-2)**

મોનસુન + દિવાળી-નાતાલ વેકેશન કીચન+ગ્રુપ પેકેજ ટુરો 'શેઠીયા ટુર'

